

તુજ પાદપંકજ જ્યાં થયાં તે દેશને પણ ધન્ય છે,
એ ગામ-પુરને ધન્ય છે, એ માતકુળ જ વંદ્ય છે;
તારાં કર્યાં દર્શન અરે! તે લોક પણ કૃતપુણ્ય છે,
તુજ પાદથી સ્પર્શાઈ એવી ધૂલિને પણ ધન્ય છે.


| જાન્યુઆરી | * આત્મધર્મ * | અંક : ૭ |
| --- | --- | --- |
| ૧૯૮૨ | [ ૪૫૯ ] | વર્ષ ૩૮ |

# * વૈરાગ્ય અને પુરુષાર્થ પ્રેરક પુરાણ પ્રસંગ *

## બલભદ્ર, વાસુદેવ અને તેના મોક્ષગામી ત્રણ યુગલ-બંધુ આદિની વૈરાગ્ય પ્રેરક કથા

ભગવાન શ્રી નેમીનાથના પિતા સમુદ્રવિજય રાજાના નાના ભાઈ વસુદેવ હતા. તેમણે એક વખત પોતાની પત્નિ દેવકી સાથે ચારણઋદ્ધિધારી અવધિજ્ઞાની મુની અતિ-મુક્તકસ્વામીને વંદન નમસ્કાર આદિ કરીને દેવકીને થનાર પુત્રોની કંસદ્વારા મૃત્યુની શંકાનું સમાધાન કરવા મુનિરાજને કહ્યું. ત્યારે મુનિરાજે કહ્યું કે હે ભવ્યો! દેવકીને થનાર પુત્રોનું મૃત્યુ કંસદ્વારા થશે નહિ, તેના સંબંધ વિષે હું કહું છું તે ધ્યાન દઈને સાંભળો!

દેવકીને સાતમો પુત્ર નવમાં નારાયણપણે જન્મશે અને તે ત્રણ ખંડના રાજ્યનો ભોક્તા થશે અને તેનાથી મોટા છ ભાઈઓ તદ્ભવ મોક્ષગામી થશે. તેની મૃત્યુ કંસ દ્વારા થશે નહિ, માટે તમે ચિંતા ન કરો. સાત પુત્ર તો દેવકીના થશે અને એક પુત્ર રોહિણીનો તે બલભદ્ર થશે તે બધાના પૂર્વભવ તમને કહું છું તે તમે સાંભળો, તેના ભવ તમારા મનને આનંદકારી છે.

આ મથુરાનગરીમાં રાજા સૂરસેન, તેના રાજ્યમાં એક ભાનુ નામના શેઠ બાર કરોડ દ્રવ્યના સ્વામી હતા. તેને યમુના નામે સ્ત્રી હતી. તેના સુભાનુ આદિ સાત પુત્રો હતા. ભાનુશેઠને સંસારથી વૈરાગ્ય થતાં અભયનંદિમુનિની પાસે દીક્ષા લઈ મુનિ થયા અને યમુના શેઠાણી જિનદત્તા આર્યિકા પાસે અર્જિકા થઈ.

ભાનુશેઠ દીક્ષિત થયા પછી તેના સુભાનુ આદિ સાતે પુત્રો જુગાર અને વેશ્યાગમન આદિ વ્યસની થઈ જતાં પિતાનું સમસ્ત દ્રવ્ય નાશ પામ્યું. દ્રવ્ય નાશ પામવાથી સાતે ભાઈઓ ચોરી કરવા માટે ઉજ્જયની નગરીમાં ગયા. સુભાનુનો સાતમો નાનોભાઈ સૂરસેન હતો તેને મહાકાળ નામના મસાણમાં કુળના સંતાન માટે રાખીને સુભાનુ આદિ છ ભાઈઓ ચોરી કરવા નગરીમાં ગયા અને નાનાભાઈ સૂરસેનને કહેતા ગયા કે ચોરી કરતા અમે મરી જઈએ અથવા તો પકડાઈ જઈએ તો તું અહીંથી ભાગી જજે અને ચોરી કરવામાં જે દ્રવ્ય આવશે તેનો તને બરાબર ભાગ આપીશું—એમ કહીને છ ભાઈઓ તો ચોરી કરવા ગયા અને સાતમો નાનો ભાઈ સૂરસેન સ્મશાનમાં બેઠો. તે સમયે એક પ્રસંગ બને છે તે સાંભળો!

ઉજ્જૈન નગરીનો રાજા વૃષભધ્વજ હતો. તેને દ્રષ્ટિમુષ્ટિ નામનો મોટો યોદ્ધો હતો.

[ અનુસંધાન પાનું ૨૨ ]

વાર્ષિક
લવાજમ
રૂપિયા નવ
વર્ષ ૩૮
અંક ૭
[ ૪૫૯ ]




વીર
સંવત
૨૫૦૮
A.D. 1982
JAN.

શાશ્વત સુખનો માર્ગ દર્શાવતું માસિક પત્ર

ચાર અનુયોગનો સાર :—

# તું પરમાત્મા જ છે એમ અનુભવ કર

[ યોગસાર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનમાંથી, તા. ૧૫-૬-૬૬ ]

આ યોગસાર ચાલે છે. તેની ૨૧ મી ગાથામાં કહે છે કે આત્મા જ જિનવર છે—એ સિદ્ધાંતનો સાર છે. ચાર અનુયોગનો સાર, સર્વ સિદ્ધાંતનો સાર, દિવ્યધ્વનિનો સાર શું છે?—તે આ ગાથામાં કહેવામાં આવે છે.

જિનવર તે આતમ લખો, એ સિદ્ધાંતિક સાર;
એમ જાણી યોગીજનો, ત્યાગો માયાચાર. ૨૧.

ભગવાનની વાણીમાં-ચારે અનુયોગમાં એમ આવ્યું કે જે જિનેન્દ્ર છે તે જ આત્મા છે એમ મનન કરો. પોતે સર્વજ્ઞ ને વીતરાગ થયા પછી જે વાણીમાં આવ્યું તે એમ આવ્યું કે અમે જે છીએ તેટલો જ તું છો ને તું છો તે અમે છીએ—સ્વરૂપે; પરમેશ્વરના સ્વરૂપમાં ને આત્માના સ્વરૂપમાં કાંઈ ફેર નથી. વસ્તુ તરીકે એ ભિન્ન છે પણ ભાવ તરીકે ફેર નથી.

જે આત્માઓએ પોતાના સ્વરૂપને વીરાગ જ્ઞાતાદૃષ્ટા તરીકે જાણીને ભેદનું લક્ષ છોડી દઈને અભેદ ચૈતન્યનું સાધન કર્યું તે આત્માઓની કથાને પુરાણ કહે છે. તીર્થંકર, ચક્રવર્તી, વાસુદેવ, બળદેવનું એમાં વર્ણન છે. એ બધાં વર્ણનમાં શું આવ્યું? કે એ બધાં સલાકા પુરુષોએ વીતરાગ જેવો જ હું અત્મા છું, એમને મોક્ષ પ્રગટ થઈ ગયો ને મારે મોક્ષ સ્વભાવમાં પડેલો જ છે એમ આત્મતત્ત્વને વીતરાગ પરમાત્મા જેવો તે સલાકા પુરુષોએ જાણ્યો હતો એ જ પ્રથમાનુયોગમાં કહેવાનું તાત્પર્ય-સાર છે.

કરણાનુયોગનો સાર શું છે?—કે કરણાનુયોગમાં જે કહ્યું કે કર્મ નિમિત્ત છે, તેના નિમિત્તે વિકાર થાય, અનેક પ્રકારની અવસ્થાઓ થાય પણ એનાથી રહિત આત્મા છે એ કહેવાનો આશય છે. કરણાનુયોગમાં કહેવાનો આશય એ છે કે કર્મ એક ચીજ છે, તેના લક્ષે જીવની અનેક અવસ્થાઓ થાય છે અને એના લક્ષે કેવા પરિણામ હોય છે તે બતાવીને એ બધાં વિકારી પરિણામ ને કર્મથી રહિત તું છો એમ બતાવ્યું છે. પરંતુ કર્મના લઈને તું દુઃખી થયો છો કે તેનાથી સહિત તું છો એમ ત્યાં નથી બતાવવું. વર્તમાન પર્યાયમાં કર્મ ને વિકારનું સહિતપણું—સંબંધ છે પણ વસ્તુમાં એનો સંબંધ નથી એમ બતાવીને આત્મા વીતરાગ પરમાત્મા સમાન છે—એ કરણાનુયોગના કહેવાનો સાર છે.

સર્વજ્ઞદેવનું જે કથન આવ્યું તે સર્વજ્ઞ ને વીતરાગ થયા પછી આવ્યું છે ને! તેથી તેમાં શું આવે?-કે તું સર્વજ્ઞ ને વીતરાગ થા તે માટે ચારે અનુયોગ કહ્યા છે. ભગવાન આત્મા પરમાત્મા સમાન છે. ભાઈ! વિકાર સહિત કહ્યો તે રહિતપણે બતાવવા માટે કહ્યું છે, એનું સહિતપણું વસ્તુમાં નથી એ બતાવવા માટે સહિતપણું બતાવ્યું છે. કેમ કે ચારે અનુયોગનું તાત્પર્ય તો વીતરાગતા છે, એ વીતરાગતા ક્યારે આવે? જ્ઞાનાવરણીએ જ્ઞાનને રોક્યું—એમ બતાવ્યું એટલે શું?-કે તું જ્યારે જ્ઞાનની અવસ્થા હીણી કર ત્યારે તેમાં જ્ઞાનાવરણી નિમિત્ત છે; પરંતુ એ બતાવવાનો હેતુ શું છે?-કે હીનદશા ને નિમિત્તનો આશ્રય છોડ, ત્યાં રોકાવા માટે એ કહ્યું નથી પણ તેનો આશ્રય છોડાવીને વીતરાગતા બતાવવા માટે કહ્યું છે, પરમાત્મા થવા માટે કહ્યું છે. અલ્પજ્ઞ—પરિણામના આદર માટે એ વાત નથી કરી. અલ્પદર્શન થાય, અલ્પવીર્ય થાય, તારી અલ્પદશા તારાથી થાય એ બતાવીને તું પૂર્ણાનંદ અખંડ આત્મા છો ને હું પરમાત્મા થયો તેવો પરમાત્મા તું થઈ શકે તેવો છો. -એમ બતાવવા માટેનું એ કથન છે.

જિનેન્દ્ર છે તે જ આત્મા છે એટલે કે એવો જ આત્મા છે એવું મનન ક[ર.] ચારે અનુયોગમાં આ જ કહ્યું છે. ચરણાનુયોગમાં પણ જેણે શુદ્ધાત્મા જિન સમાન જાણ્યો છે, એના આશ્રયે શુદ્ધતા પ્રગટ થઈ છે તે ભૂમિકાના પ્રમાણમાં તે જીવને-મુનિને ને શ્રાવકને રાગના આચરણનો ભાવ-વ્રતાદિનો કેવો હોય એ ત્યાં બતાવ્યું છે. પરંતુ એકલા રાગના આચરણ ખાતર ત્યાં એ આચરણ બતાવ્યું નથી.

રાગનો ને વિકલ્પનો આશ્રય છોડી, નિમિત્તનો ને અલ્પજ્ઞતાનો આશ્રય છોડી, સર્વજ્ઞ પરમાત્મા સર્વજ્ઞ થયા. તારે પણ સર્વજ્ઞ પરમાત્મા થવું હોય તો અમારા જેવું તું કર એટલે કે અમારા જેવો તું છો એમ નક્કી કર. હું પૂરણ પરમાત્મા વીતરાગ પરમેશ્વર છું-વસ્તુસ્વરૂપે; અલ્પજ્ઞતા ને રાગ પર્યાયમાં છે એ આદરવા લાયક નથી-એમ ચરણાનુયોગમાં પણ કહ્યું છે.

શ્રાવકનું ને મુનિનું આચરણ-વ્યવહાર કેવો હોય તે ચરણાનુયોગમાં કહ્યું છે. એવો વ્યવહાર કોને હોય?-કે નિશ્ચય શુદ્ધતા જ્યાં પ્રગટી હોય ત્યાં તેવો વ્યવહાર હોય. એવી નિશ્ચય શુદ્ધતા કયાં હોય?-કે હું વીતરાગ સમાન પરમાત્મા છું, એકલો જ્ઞાતાદૃષ્ટા પરિપૂર્ણ પરમાત્મા છું એવું ભાન હોય ત્યાં નિશ્ચય શુદ્ધતા હોય અને એવા ભાનની ભૂમિકામાં બાકી રહેલા આચરણનો રાગ કેવો હોય એ ચરણાનુયોગમાં કહ્યું છે, તેથી ચરણાનુયોગનો સાર તો આત્મા જ છે, રાગની ક્રિયા કાંઈ સાર નથી. ભેદથી બતાવ્યો છે તો અભેદ, ભેદ કાંઈ સાર નથી. વ્યવહારથી બતાવ્યો છે તો નિશ્ચય, વ્યવહાર કાંઈ સાર નથી. વ્યવહારનું આચરણ બતાવીને ત્યાં નિશ્ચય કેવો હોય તે બતાવ્યું છે.

અહીં ચોકખી વાત કરી છે કે વીતરાગ તે આત્મા. વીતરાગ સર્વજ્ઞ અને આત્મા એક છે એમ નહિ પણ જે શુદ્ધ ચિદાનંદ સર્વજ્ઞ પરમાત્મા છે એવો જ તું જ્ઞાતા-દૃષ્ટાનો કંદ આત્મા છો. આત્મા તદ્દન વીતરાગનો પિંડ જ છે. પરમાત્મા પર્યાયે વીતરાગ પિંડ થઈ ગયા ને તું વસ્તુએ વીતરાગ પિંડ જ છો. જાણવા-દેખવાની ક્રિયા સિવાય કોઈ એની ક્રિયા છે જ નહિ.-એમ તું આત્માને જિન સરખો જાણ.-એમ ચરણાનુયોગનું કહેવું છે.

દ્રવ્યાનુયોગમાં તો આ જ કહ્યું છે. આત્માને અભેદ બતાવવો છે. ભેદથી બતાવે તોપણ કાંઈ ભેદ બતાવવો નથી, વ્યવહારથી બતાવે તોપણ કાંઈ વ્યવહાર બતાવવો નથી, બતાવ્યો છે તો એક અભેદ. આ વસ્તુ પૂરણ પરમાત્મા છે, મહા સત્ સ્વરૂપ ભગવાન ચિદાનંદ પરમાત્મા તું છો. અનંતા પરમાત્મા જેના ગર્ભમાં પડયા છે ને તેનો પ્રસવ કરવાની તાકાત જેમાં છે એવો તું આત્મા છે. રાગને પ્રગટ કરે તે આત્મા નહિ, તે આત્મામાં છે નહિ, અલ્પજ્ઞતા રહે એ આત્મામાં છે નહિ એમ કહે છે. આહાહા!

દીવાળી આવે ને વાણિયા ચોપડા મેળવે ને?-એમ આ કેવળજ્ઞાન પામવાના ટાણા છે. આહાહા! સંસારનો સંકેલ ને મોક્ષનો વિસ્તાર! ચાર અનુયોગના સિદ્ધાંતનો સાર આ છે કે સંસારનો અભાવ ને મોક્ષની ઉત્પત્તિ. આત્મા પરમાત્મા સમાન છે એમ જાણ્યા વિના એને સ્વભાવનો આશ્રય નહિ થાય ને અલ્પજ્ઞ ને રાગનો આશ્રય નહિ ટળે ને સર્વજ્ઞ વીતરાગ નહિ થાય. આહાહા! આ કાંઈ વાતો નથી પણ વસ્તુનું સ્વરૂપ જ આવું છે.

સિદ્ધનગરમાં અનંતા સિદ્ધો બિરાજે છે. તેઓએ પહેલાં બહારથી નજર સંકેલીને અંદરનો વિસ્તાર કર્યો હતો, તું પણ બહારથી સંકેલો કરી નાખ. હું તો પૂરણ અભેદ પરમાત્મા જ છું, મારે ને પરમાત્માને કાંઈ ફેર નથી એમ ફેર કાઢી નાખનારને ફેર છૂટી જશે. આહાહા! દિગંબર સંતોની કોઈ પણ ગાથા લ્યો પણ સંતોની કથન શૈલી અલૌકિક છે! પરમાત્મા પરમેશ્વરે જે ધર્મ કહ્યો તેને દિગંબર સંતોએ ધારીને ઢંઢેરો પીટયો છે!

ધર્મધૂરંધર યોગીન્દ્રદેવ પોકાર કરે છે કે અરે! આત્મા! તું પરમાત્મા જેવો ને

તું જિનમાં ને તારામાં ફેર પાડે છો? ફેર પાડીશ તો ફેર કે દિ' છૂટશે? તેથી કહે છે કે હું રાગવાળો, અલ્પજ્ઞતાવાળો એમ મનન નહિ કરો પણ જે જિનેન્દ્ર છે તે જ હું છું એવું મનન કરો! અરેરે, હું અલ્પજ્ઞ છું, મારામાં આવી કાંઈ તાકાત હોતી હશે?–એ વાત રહેવા દે ભાઈ! હું તો પૂરણ પરમાત્મા થવાને લાયક છું–એમ નહિ પણ પૂરણ પરમાત્મા અત્યારે હું છું–એમ મનન કર! આહાહા!

હું પોતે જ દ્રવ્યસ્વભાવે પરમાત્મા છું, મારામાં ને પરમાત્મામાં ફેર નથી.—એમ મનન કર, આ સિદ્ધાંતનો સાર છે. ચાર અનુયોગના લાખો કથનનો આ સાર છે. વીતરાગની બધી વાણીના શાસ્ત્રોનો, દિવ્યધ્વનિનો સાર તો આ છે કે પરમાત્મા સમાન આત્મા જાણવો. સર્વજ્ઞ ને વીતરાગસ્વરૂપ હું આત્મા છું એમ અંતર્દૃષ્ટિ કર તો તું પર્યાયમાં પરમાત્મા થયા વિના રહીશ નહિ, તું પરમાત્મા થયા વિના રહી શકીશ નહિ.

માર ધડાક પહેલેથી! તું પામર છો કે પ્રભુ છો! તારે શું સ્વીકારવું છે? પામરપણું સ્વીકારે પામરપણું કદી નહિ જાય! પ્રભુપણે સ્વીકાર્યેથી પામરપણું ઊભું નહિ રહે! ભગવાન આત્મા—હું પોતે દ્રવ્યે પરમેશ્વરસ્વરૂપે જ છું–એમ જ્યાં પરમેશ્વર-સ્વરૂપનો વિશ્વાસ આવ્યો તો તું વીતરાગ થયા વિના રહીશ જ નહિ. દૃષ્ટિમાં વીતરાગ થયો તે સ્થિરતાએ વીતરાગ થઈને અલ્પકાળમાં કેવળજ્ઞાન લેશે.–એમ અહીં વાત કરે છે. અરે! અમે ક્યારે વીતરાગ થઈશું? શું થશે?–એ બધી લપ મૂક ને! ક્યારે થઈશું?–તું વીતરાગ પરમાત્મા છો જ! આખો ભગવાન આત્મા જિનેશ્વર જેવો પૂર્ણાનંદ પરમાત્મા છે જ, બધા એવા ભગવાન છે હો!—એને તું જો ને ભાઈ! અલ્પજ્ઞતા ને રાગ એ કાંઈ આત્મા છે? એ તો વ્યવહાર–આત્મા છે. જે આત્મા છે એ તો અલ્પજ્ઞતા, રાગ ને નિમિત્ત વિનાનો છે, એની સામું જો ને!

આમ જાણીને હે ધર્મી જીવ! માયાચાર છોડી દે! એટલે! આ અલ્પરાગ છે.... રાગ કરતાં કરતાં થશે....એવી માયા છોડી દે! રાગ કરીશું તો આમ થશે ને પુણ્યની ક્રિયા લોકોને બતાવું—એ બધી માયાચારી છોડી દે! રાગની ક્રિયા કરીને હું સારું છું એમ લોકોને તારે બતાવવું છે?

**જિન સોહી હૈ આતમા ને અન્ય સોહી હૈ કરમ,**
**યેહી વચનસે સમજ લે જિન-વચનકા મરમ.**

—એમ બનારસીદાસે કહ્યું છે.

આહાહા! ભગવાન એને મોટો કહેવા જાય ત્યાં આ ભાઈ સા'બ કહે ના....ના....ના.... એવો મોટો હું ન હોઉં! પણ એલા બહુ મોટો કહીને, જેમ પૈસાવાળાને બહુ મોટો કહીને પૈસા લૂંટી લે—ફાળો ઉઘરાવી લે, તેમ ભગવાને તને મોટો ઠરાવીને શું કરવું હશે?—કે તારી પામરતા લૂંટવી છે! કાંઈ તારા પૈસા લૂંટવા નથી હો!!

આહાહા! પરમાત્મા ને મારામાં કાંઈ ફેર નથી—એમ પોતાની દૃષ્ટિમાં ભગવાન આત્માને સમભાવી વીતરાગ પૂર્ણાનંદ તરીકે દેખતો, વીતરાગમાં ને આત્મામાં ક્યાંય ફેર ન દેખતો, સિદ્ધાંતના સારને માયાચાર રહિત થઈને પામી જાય છે.

જેનાથી અંદર ભગવાન મોટો થાય છે, એની મોટપથી એને તું દેખને! એની શોભાથી તું શોભને! રાગ દ્વારા, વિકલ્પ દ્વારા મોટપ માનવી છોડી દે! બહુ વાણી મળવાથી કે વાણીના ઉપદેશ દ્વારા મોટપ માનવી છોડી દે! એ તો માયાચાર છે, એને મૂકને પડતી! તારી મોટપ તો અંદર પ્રભુ પ્રભુતાથી બિરાજે છે તેમાં છે, તેના શરણમાં જતાં શાંતિ ને વીતરાગતા પ્રગટ થશે.

અમને બહુ આવડે છે, હજારો માણસોને સમજાવીએ, લાખો પુસ્તકો બનાવીએ-એ તે કાંઈ તારા આચરણ છે કે તેનાથી તું મોટપ મનાવી રહ્યો છો! ભગવાન પોતે પરમાત્મા સમાન છે એવું અંતરમાં જાણીને ઠરે તેને મોટપનો લાભ મળે છે, બાકી બધું ધૂળધાણી છે! માટે વિકલ્પની જાળ દ્વારા ને શરીરની સ્થિતિ દ્વારા મોટપ ન માનીશ, એનાથી મોટપ ન કરીશ. અમને બહુ કહેતાં સમજાવતાં આવડે છે, અમે મોટા આચાર્ય થયા છીએ, ૫૦૦-૫૦૦ સાધુઓના ઉપરી-મોટા કરીને અમને પદવી આપી છે—એવાથી મોટપ માનવી રહેવા દે!—એમ આ ૨૧ મી ગાથામાં કહ્યું.

હવે ૨૨ મી ગાથા કહે છે. પહેલાં જિન તે આત્મા કહ્યું હતું ને? હવે એટલો ભેદ કાઢી નાખીને હું જ પરમાત્મા છું—એમ અનુભવ કર એમ કહે છે.

વીતરાગ સર્વજ્ઞદેવ ત્રિલોકનાથ પરમાત્મા સો ઇન્દ્રોની ઉપસ્થિતિમાં સમવસરણમાં લાખો કરોડો દેવોની હાજરીમાં એમ ફરમાવતા હતા કે તું પરમાત્મા છો એમ નક્કી કર. ભગવાન! તમે પરમાત્મા છો એટલું તો અમને નક્કી કરવા દ્યો!-કે નક્કી ક્યારે થશે! કે જ્યારે તું પરમાત્મા છો એવો અનુભવ થશે ત્યારે આ પરમાત્મા છે એવો વ્યવહાર તને નક્કી થશે. નિશ્ચયનું નક્કી થયા વિના વ્યવહાર નક્કી થશે નહિ, તે વાત કહે છે:—

જે પરમાત્મા તે જ હું, જે હું તે પરમાત્મ;
એમ જાણી હે યોગીજન! કરો ન કાંઈ વિકલ્પ. ૨૨.

કહે છે કે ભાઈ! હે ધર્મી જીવ! જે પરમાત્મા છે તે જ હું છું, પરમાત્માને વિકલ્પ નથી, પરમાત્મા બોલતા નથી, પરમાત્મા બોલવામાં આવતા નથી—એવો જ હું આત્મા પરમાત્મા છું એમ દૃષ્ટિમાં લે.

બીજા જેટલા વિકલ્પો છે—બીજાને સમજાવવાના, શાસ્ત્ર રચવાના, એનાથી તું મોટપ માનીશ તો એ વસ્તુમાં નથી. તેથી હવે બધી શાસ્ત્રચર્ચા છોડીને આ કર એમ કહે છે. ક્યાં સુધી તારે શાસ્ત્રની ચર્ચાઓ લખવી છે? આ શાસ્ત્રમાં આ કહ્યું છે, આ

શાસ્ત્રમાં આ કહ્યું છે ને આ શાસ્ત્રમાં આ કહ્યું છે—એ તો બધી વિકલ્પની જાળ છે.

જે પરમાત્મા છે તે જ હું છું. પરમાત્મા જેવો જાણુ એમ નહિ, પરમાત્મા જ હું છું. પહેલાં પરમાત્મા સાથે મેળવણી કરી હતી, હવે કહે છે કે એક સેકન્ડના અસંખ્યમાં ભાગમાં અનંત ગુણનો પિંડલો પૂર્ણાનંદ સ્વરૂપ પ્રભુ પરમાત્મા ભગવાન તે જ હું છું—એમ અંતરમાં અનુભવમાં લાવ અને એનો અનુભવ કર એ જ તારા લાભમાં છે, બાકી બધાં વિકલ્પો, શાસ્ત્રની ચર્ચા ને વાદવિવાદ એ કાંઈ તારા લાભમાં નથી-એમ અહીં કહે છે.

વ્યવહારની કલ્પનાને છોડીને કેવળ શુદ્ધ પોતાના આત્માને ઓળખ. શાસ્ત્રોનું જ્ઞાન સંકેતમાત્ર છે. શાસ્ત્રના જ્ઞાનમાં જ પડયો રહીશ તો પોતાના આત્માનું જ્ઞાન થશે નહિ. ભગવાન ચિદાનંદ પ્રભુ બિરાજી રહ્યો છે ને તું વ્યવહાર-રાંકાઈથી પરમેશ્વર છો? ભીખારી પરમેશ્વર બનાવે? વ્યવહારનો રાગ ભીખારી-રાંક છે, નાશ થવાને લાયક છે, એ પરમેશ્વર પદને પ્રાપ્ત કરાવે? શાસ્ત્રની ચર્ચાઓ પરમેશ્વર પદને પ્રાપ્ત કરાવે? ૩૩-૩૩ સાગર સુધી સર્વાર્થસિદ્ધના દેવો શાસ્ત્રની ચર્ચાઓ કરીને કહે છે કે મૂક આ ચર્ચાઓ! સ્થિર થવાથી કેવળજ્ઞાન થશે!

ભગવાન આત્મા પૂર્ણાનંદનો નાથ મહા પરમાત્માના અંતર્સ્વરૂપે ભરેલો એવો પરમાત્મા જ હું છું અને જે હું છું તે જ પરમાત્મા છે. હું તે પરમાત્મા ને પરમાત્મા તે હું—આહાહા! એ કબૂલાત કેવા પુરુષાર્થમાં આવે! ભાઈસા'બ અમને બીડી વિના ચાલે નહિ, આબરૂમાં થોડો ફેર પડે તો આંચકો ખાઈ જઈએ ને આપ કહો કે તું પરમાત્મા છો! અરે બાપુ! એ બધાને છોડને! એ કે દિ' તારા સ્વરૂપમાં હતા? આખો પરમેશ્વર ભગવાન પડયો છે એને તેં વિકલ્પની આડમાં ગોઠવી દીધો છે. ભગવાન નિર્વિકલ્પ સ્વરૂપ છે તે નિર્વિકલ્પ દશાથી પ્રાપ્ત થાય તેવો છે.

હું તે પરમાત્મા ને પરમાત્મા તે હું-એમ જાણીને બીજા વિકલ્પો ન કરો, પંચ મહાવ્રતના વિકલ્પો શાસ્ત્ર ભણતરના વિકલ્પો, નવ તત્ત્વોના ભેદના વિકલ્પો-એ બધું હવે ન કર, ન કર; કરવાનું તો આ કહ્યું તે છે. છોડવા જેવું છે તે છોડ ને આદરવા જેવું છે ત્યાં ઠર. પરમ સ્વરૂપનો પિંડ આત્મા છે એ જ હું એમ એનો આશ્રય કર ને વિકલ્પ છોડી દે.

જ્યાં તું છો ત્યાં વિકલ્પ ને વાણી નથી ને શુભ વિકલ્પથી મને લાભ થશે!-એમ માનનાર તો મૂઢ અજ્ઞાની છે. એનાથી લાભ માનીશ તો હીણો પડતા પડતા હું આત્મા છું કે નહિ-એ શ્રદ્ધા ઉડી જશે, આત્મા છું એવી વ્યવહાર શ્રદ્ધા ઉડી જશે ને નિગોદમાં હાલ્યો જશે! આહાહા! આળ ન દે, આળ ન દે, ભગવાન આત્માને આળ ન દે. આળ દીધા તો તારા ઉપર આળ ચઢી જશે. હું પરમાત્મા છું-તેના

બદલે હું રાગવાળો, હું અલ્પજ્ઞ છું એમ આત્માને આળ આપનારને આત્મામાં હું નહિ એમ આળ ચઢી જશે, જગતમાં હું આત્મા જ નથી, હું નથી, હું નથી, હું ક્યાં છું ?–એમ આંધળો થઈ જઈશ !

હું પરમાત્મા જ છું, અલ્પજ્ઞ ને રાગ નહિ પણ હું પરમાત્મા જ છું, એ સિવાયના વિકલ્પો છોડી દે ! તીર્થંકર ગોત્ર બાંધવાનો વિકલ્પ પણ છોડી દે ! ભગવાન આત્મા પરમાત્મસ્વરૂપ પ્રભુ છે ને ! તારે ખજાને ખોટ ક્યાં છે કે તારે વિકલ્પાદિનું શરણ લેવું પડે ? હે સ્વરૂપમાં એકાગ્રતા કરનાર જીવ ! એકાગ્રતા સિવાયના જે વિકલ્પો છે તે–પછી ભલે પંચ મહાવ્રતનો હોય કે વ્યવહાર સમિતિ-ગુપ્તિ આદિનો હો કે શાસ્ત્ર વાંચવાનો વિકલ્પ હો—છોડી દે. શાસ્ત્રનું જ્ઞાન પણ પરાલંબી જ્ઞાન છે, તેનો મહિમા છોડ, તે વિના આત્માનો પત્તો નહિ લાગે.

આહાહા....! એકવાર તો ઊંચો થઈ જાય એવી વાત છે ! ભગવાન તો એમ કહે છે કે અમને સાંભળવું છોડી દે ! ભગવાન ફરમાવે છે કે અમારી સામે જોવું છોડી દે ! અમારી સામે જોવાથી તારો ભગવાન હાથ નહિ આવે ! આહાહા ! ભગવાન ત્રિલોકનાથ સમવસરણમાં ફરમાવતાં હતા કે અરે આત્મા ! તું પરમાત્મા જ છો. જો પરમાત્મા ન હો તો પર્યાયના કાળે પરમાત્મા ક્યાંથી આવશે ? એક સેકન્ડમાં પૂરણ પરમાત્માનું આખું રૂપ જ ભગવાન આત્મા છે. અનંત જ્ઞાન, અનંત દર્શન, અનંત વીર્ય, અનંત પ્રભુતા, આદિ એવા બધા ગુણોથી ભરેલો પરિપૂર્ણ આત્મા તું છો. તને તું જો ને આત્મા જાણ ને માન, મારી સામે જોવું રહેવા દે—એમ ભગવાન કહે છે. ૨૨.

હવે એ ભગવાન આત્મા કયા સ્થળે બિરાજી રહ્યો છે ? એનું ક્ષેત્ર ક્યાં ? એનું ઘર કયું ? એ બતાવે છેઃ—

શુદ્ધ પ્રદેશી પૂર્ણ છે, લોકાકાશ પ્રમાણ;
તે આતમ જાણો સદા, શીઘ્ર લહો નિર્વાણ. ૨૩.

આ શરીર તો જડ માટીનો પિંડલો છે, અંદર રાગ-દ્વેષના પરિણામ થાય એ કાંઈ આત્મા નથી, કર્મના રજકણ એ કાંઈ આત્મા નથી, ભગવાન આત્મા અસંખ્ય પ્રદેશી સ્થળમાં રહેલો છે, એવા અસંખ્ય પ્રદેશમાં અનંત ગુણ પડ્યા છે. ક્ષેત્ર શું કામ બતાવે છે ?–કે કોઈ કહે કે લોકવ્યાપક આત્મા છે, તો એમ નથી. ભગવાન આત્મા દેહ-પ્રમાણે દેહથી ભિન્ન લોકાકાશના પ્રદેશની સંખ્યા જેટલા પોતાના અસંખ્ય પ્રદેશમાં બિરાજી રહ્યો છે, રાગમાં કે ક્યાંય બિરાજતો નથી.

આહાહા ! જ્યાં હોય ત્યાં 'શીઘ્ર લહો નિર્વાણ' આવે છે ! મોક્ષ કર, મોક્ષ કર, મોક્ષ તો તારું ઘર છે. આહાહા ! સંસારમાં રખડીને મરી ગયો ! ૮૪ લાખ યોનિમાં

સોથા નીકળી ગયા તો ય તેને મૂકવાનો વિચાર નથી આવતો ? ઘરે તો આવ ! તારા ઘરે તો બાપુ તું આવ ! પરઘર રખડી રખડીને મરી ગયો ! તારું ઘર કયાં છે ? કે જે અસંખ્ય પ્રદેશનું શુદ્ધ અરૂપી દળ છે, જે અસંખ્ય પ્રદેશ રત્ન સમાન શુદ્ધ નિર્મળ છે, જે ક્ષેત્રમાં અનંતા અનંતા ગુણો બિરાજે છે, એ તારું ઘર છે ભાઈ !

અસંખ્ય પ્રદેશ એ આત્માનું સ્થળ-ક્ષેત્ર છે. એક એક પ્રદેશ પૂર્ણાનંદ નિર્મળાનંદથી ભરેલાં છે, જેમાં અનંત આનંદ પાકે એવું એનું અસંખ્યપ્રદેશી ક્ષેત્ર છે. તારું અસંખ્ય પ્રદેશનું ક્ષેત્ર એવું છે કે અનંત કેવળજ્ઞાન ને અનંત આનંદ પાકે ! સિદ્ધની પર્યાય પાકે એ આત્મા છે, સંસાર પાકે એ આત્મા નહિ, રાગ-દ્વેષ પાકે એ આત્મ-ક્ષેત્ર નહિ ! ભગવાન આત્માના અસંખ્ય પ્રદેશ શુદ્ધ છે, જેમાં અનંત ગુણ બિરાજમાન છે, એવો અસંખ્ય પ્રદેશી ભગવાન બિરાજે છે ત્યાં નજર કર, એ ક્ષેત્રમાં નજર કર, ધ્યાન કર, તો અલ્પકાળમાં કેવળજ્ઞાનરૂપી નિર્વાણદશા પ્રાપ્ત થાય, બીજી રીતે પ્રાપ્ત થાય એમ નથી. વિશેષ કહેશે....

(-ક્રમશઃ)

## ❋ ખૂબ ધીરો થઈને, ઉપયોગને સૂક્ષ્મ કરીને, દ્રવ્યનું તળ પકડી લે ❋

આત્માને જાણવા માટે પરિણામને સૂક્ષ્મ કર, સ્થૂલ પરિણામથી દ્રવ્ય જાણવામાં આવતું નથી. અજ્ઞાનીને ૧૧ (અગિયાર) અંગનું જ્ઞાન થઈ જાય છે તોપણ તેનો ઉપયોગ સૂક્ષ્મ નથી સ્થૂલ છે. આત્મા સ્થૂલ પરિણામોથી જાણવામાં આવતો નથી. સૂક્ષ્મ એવા આત્માને જાણવા માટે ઉપયોગને સૂક્ષ્મ કરવો પડે છે. ભાઈ ! તારા ઉપયોગને સૂક્ષ્મ કરીને દ્રવ્યમાં ઊંડો ઊતરી દ્રવ્યના પાતાળમાં જા. ત્યાંથી તને શાંતિ ને આનંદ મળશે. ખૂબ ધીરો થઈને, સૂક્ષ્મ ઉપયોગ કરીને દ્રવ્યનું તળ પકડી લે ! એ તળમાં શાંતિ ને સુખ ભર્યા છે તે તને પ્રાપ્ત થશે. સંયોગને, રાગને જાણનાર ઉપયોગ સ્થૂલ છે, તેના ઉપરથી લક્ષ ઉઠાવી લે ને દ્રવ્ય સૂક્ષ્મ ને ગંભીર-મહાગંભીર છે, તેના ઉપર ઉપયોગને સૂક્ષ્મ કરી, અત્યંત ધીરો કરી, દ્રવ્યના તળમાં લઈ જા ! જેમાં અનંત અનંત અનંત દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવને જાણવાનું સામર્થ્ય છે એવા દ્રવ્યના તળને, ઉપયોગને સૂક્ષ્મ અને ધીરો કરીને પકડી લે. ત્યાં શાંતિ અને જ્ઞાન, આનંદ, આદિના ખજાના ભરેલાં છે તે તને પ્રાપ્ત થશે. લાખ કરોડના દાન કરે, દયા પાળે, વ્રત-તપાદિ કરે પણ ઉપયોગને સૂક્ષ્મ કરી દ્રવ્યના તળને પકડયા વિના એ બધાં થોથા છે.

# સ્વ-પર ભેદવિજ્ઞાનના અભાવે દુઃખી
# સ્વ-પર ભેદવિજ્ઞાનના સદ્‌ભાવે સુખી

[ શ્રી ઇષ્ટોપદેશ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનમાંથી, તા. ૨૧-૩-૬૬ ]

આ ઇષ્ટોપદેશ છે. સત્ય સ્વરૂપ શું છે? ને અસત્ય સ્વરૂપે માનતા જીવ મોહથી કેમ દુઃખી થાય છે તેની વ્યાખ્યા આ ગાથામાં કહે છે.

તન, ધન, ઘર, સ્ત્રી, મિત્ર-અરિ, પુત્રાદિ સહુ અન્ય,
પરભાવોમાં મૂઢ જન, માને તેહ અનન્ય. ૮.

આ શરીર પરદ્રવ્ય છે. કયારે પરદ્રવ્ય છે?-કે અત્યારે જ આ શરીર પરદ્રવ્ય છે. શરીરના દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ સર્વથા અન્ય પ્રકારે છે. આ શરીર જડ રજકણ માટી છે, અજીવતત્ત્વ છે, તેના દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ આત્માથી સર્વ પ્રકારે અન્યસ્વભાવી છે. આ શરીર ઘણા રજકણોનો સમૂહ છે. એક એક રજકણનું દ્રવ્ય આત્માથી અન્ય છે, તેનું ક્ષેત્ર અન્ય છે, તેની દશા અન્ય છે ને તેના ગુણ પણ અન્ય છે. છતાં મૂઢ અજ્ઞાની એને મારું માનીને, રક્ષણ કરું, એ ઠીક હોય તો મને ઠીક, એમ મિથ્યાદૃષ્ટિથી પાખંડ ભાવ કરીને અનાદિથી દુઃખી થતો ચાર ગતિમાં રખડી રહ્યો છે.

આ આત્માનો સ્વભાવ આનંદ ને જ્ઞાન, ક્ષેત્ર આત્મામાં, એની દશા વર્તમાન પર્યાયમાં, એના ત્રિકાળી ગુણ પોતામાં છે. પરંતુ પોતે કોણ છે એના ભાન વિના આ શરીરના ને ઘરના મોહે, એ મારું છે, મારી જાતનું છે એમ માનીને અનાદિથી પોતાના વસ્તુસ્વભાવને ભૂલીને પોતે મોહની જાળમાં ફસાઈ ગયો છે. એવી રીતે લક્ષ્મી; એ લક્ષ્મીનું દ્રવ્ય-ક્ષેત્ર-અવસ્થા-શક્તિ બધું આત્માના સ્વભાવથી અન્યસ્વભાવે છે. પરંતુ મૂઢ જીવ એ લક્ષ્મી મારી, મેં તેને રાખી, લક્ષ્મી જતી રહે તો હાય! હાય!—એમ પરદ્રવ્યને સ્વદ્રવ્ય માનીને પરમાં હિતબુદ્ધિએ રખડી રહ્યો છે.

આહાહા! એને ખબર નથી કે શું સ્વ છે ને શું પર છે? પોતાની સિવાય જેટલા પદાર્થના દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ સર્વથા અનેરા સ્વભાવી છે તે ઠીક હોય તો એને અંદર જરી પણ ઉલ્લાસ આવે અને તે અઠીક હોય તો અંદર અણગમો આવે તો એ મોહ-મિથ્યાત્વભાવ કરીને પરને પોતાના માનીને મહા અધર્મ-પાપ ઉત્પન્ન કરે છે ને એ પાપભાવને સેવીને વધુ દુર્ગતિએ જાય એવું કરી રહ્યો છે.

લક્ષ્મી તો ધૂડ છે. એ કયાં તારી ચીજ છે? એ કાંઈ તારે લઈને આવી છે! કમાવાનો રાગ એણે કર્યો પણ એ લક્ષ્મી તો એને કારણે આવી જ નથી. રાગને કારણે

આવી જ નથી. રાગનો ભાવ તારામાં ને એની અવસ્થા ને એનો ભાવ એનામાં. પર વસ્તુને ને સ્વને તદ્દન ભિન્નતા હોવા છતાં એમ ન માનતા એને એક માનીને મિથ્યાબુદ્ધિ, અસત્યબુદ્ધિ, પાપબુદ્ધિ, દુઃખબુદ્ધિ વડે નવા પાપને ઉત્પન્ન કરે છે અને માને એમ કે અમે ઠીક કરીએ છીએ!

સ્ત્રી! સ્ત્રીનો આત્મા ને તેનું શરીર અન્ય સ્વભાવી છે. આ આત્માનો સ્વભાવ અહીં ને સ્ત્રીના આત્માનો સ્વભાવ એના આત્મામાં ને શરીરનો સ્વભાવ શરીરમાં, તદ્દન ભિન્ન ભિન્ન! છતાં આ સ્ત્રી મને સુખ આપે છે, પ્રતિકૂળ હોય તો દુઃખ આપે છે એમ મૂઢ મિથ્યાદૃષ્ટિ મિથ્યા માન્યતાથી ભ્રમણા ઊભી કરીને નવા પાપ બાંધે છે. સ્ત્રી પર પદાર્થ છે કે સ્વપદાર્થ છે? સ્ત્રીનો આત્મા કયાંકથી આવ્યો ને કયાંક ચાલ્યો જશે. તારે લઈને આવ્યો નથી ને તારે લઈને જશે નહિ. મફતનો મૂઢ સ્ત્રીમાં–પરદ્રવ્યમાં પોતાપણું માનીને અસત્યબુદ્ધિ સેવીને નવી પ્રતિકૂળતા ઊભી કરે છે.

કોના છોકરા ને કોનો બાપ? છોકરાના આત્માને એણે ઉપજાવ્યો છે? એના શરીરને એણે ઉપજાવ્યું છે?–શરીર તો જડ છે, આત્મા જડને ઉપજાવે? જનક એટલે શું? એ તો નિમિત્ત તરીકે બોલાય છે.

સાહેબ! એટલા ઊંડા અમારે ઉતરવાનું શું કામ છે?

ઠીક! ઊંડા ન ઉતરવું હોય તો ભલે સંસારમાં ઊંડો રખડે! અહીં તો સ્વ ને પરદ્રવ્ય વચ્ચેના વિવેકની વાત કરે છે. જેને સ્વ ને પરની ભિન્નતાનો વિવેક ભાસતો નથી તે પરને પોતા સમાન અથવા પોતે એ જ છે એમ માની હેરાન થઈને ચાર ગતિમાં અનંત કાળથી રખડી રહ્યો છે.

પુત્ર જુદો, એનો આત્મા જુદો, એના કર્મ જુદા, એનું શરીર જુદું, તો એ તારો કયાંથી થઈ ગયો? આહાહા! ભ્રમણા તે કેવી ભ્રમણા? એક મણમાં આઠ પાંચ શેરીની ભૂલ! બીજા જીવ ને અજીવ જગતના અનંતા તત્ત્વો છે, જગતમાં હોવાવાળો પદાર્થ છે, ત્યાં એ તારો કયાંથી થઈ ગયો?

મિત્ર; મારો વ્હાલો મિત્ર! પણ વાતમાં કાંઈ માલ ન મળે; તું કોઈક ને કોઈક, મફતનો હેરાન થઈ રહ્યો છે. મિત્રનો આત્મા પરવસ્તુ છે, એનું શરીર પરવસ્તુ છે, એ તારા કારણે ને તારા ભાવે બિલકુલ રહેલા નથી.

એવી રીતે શત્રુ. જગતમાં શત્રુ કોણ છે? બીજાને પ્રતિકૂળ માનીને શત્રુ માને છો પણ એના દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ જુદા છે, એ કાંઈ તને હેરાન કરતા નથી ને હિત પણ કરતા નથી. કોઈ પરદ્રવ્ય તને હેરાન કરતા નથી કે તારું હિત પણ કરતા નથી. તારા જ્ઞાનાનંદસ્વભાવને ભૂલીને આ પરદ્રવ્ય મને નુકશાન કરે ને આ પરદ્રવ્ય મને લાભ કરે

એવી માન્યતાથી ભ્રમણાને ઘૂંટીને તું હેરાન થઈ રહ્યો છે. અસત્યને-ભ્રમણાને ઘૂંટી રહ્યો હોવાથી એના ફળમાં ચાર ગતિમાં અનંતકાળથી રખડી રહ્યો છે.

શરીર, ઘર, ધન, સ્ત્રી, પુત્ર-મિત્ર, શત્રુ બધાં અન્ય સ્વભાવી છે, આત્માથી બિલકુલ જુદા છે. પરંતુ મફતની મમતા મમતા ને મમતા કરે છે. મૂઢ પ્રાણી મોહની જાળમાં ફસાઈને શરીરાદિને પોતાના માની રહ્યો છે. શરીર ને હું એક છીએ. પણ બાપુ! શરીરને તું એક નથી. તું તો અનંત કાળનો છો ને શરીર તો પાંચ-પચીશ વર્ષથી નવું આવેલું છે. એ ક્યાં તારું છે? અરેરે! આત્મા કોણ ને પરદ્રવ્ય કોણ? એની ખબર વિના પરદ્રવ્યને પોતાના માનીને મૂઢ થઈને મોટા દુઃખને વરી રહ્યો છે.

આત્મા સ્વ અને શરીર-સ્ત્રી-કુટુંબ આદિ પર, એમ એની જુદાઈના વિવેકજ્ઞાન રહિત અજ્ઞાની મૂઢ જીવ શરીરાદિને આત્મા અથવા આત્માનું સ્વરૂપ સમજી રહ્યો છે. સમ્યગ્દૃષ્ટિ રાજપાટમાં પડ્યો હોય, લાખો સ્ત્રી હોય છતાં પરદ્રવ્યમાં એક અંશેપણ મારાપણું માનતો નથી. હું તો જ્ઞાનાનંદ છું, ફક્ત મારી આસક્તિનો રાગ છે એ મારી કમજોરીનું પાપ છે. પરંતુ એ ચીજને લઈને મને સુખ છે કે એ ચીજ મારી છે એમ સમ્યગ્દૃષ્ટિ ગૃહસ્થાશ્રમમાં રહેવા છતાં પણ માનતો નથી. મારા આત્મા સિવાય રાગ પણ મારો નથી તો બીજી ચીજ તો મારી છે જ નહિ.-એમ ધર્મી માને છે. સમ્યગ્દૃષ્ટિ ધર્મી જીવ સ્ત્રીને દેખીને સુખ માનતો નથી કે શત્રુને દેખીને દુઃખ માનતો નથી.

પરદ્રવ્ય દુઃખદાયક કે સુખદાયક હોઈ શકે નહિ. તારી ઊંધી માન્યતા તને દુઃખદાયક છે ને શુદ્ધ ચિદાનંદ સ્વરૂપ આત્માનું ભાન તને સુખદાયક છે, એ સિવાય કોઈ પણ પદાર્થ તને સુખદાયક દુઃખદાયક છે જ નહિ.

પોતે જ્ઞાનાનંદ સ્વરૂપ છે પણ પોતાને પોતાની હયાતીનું ભાન નથી તેથી હયાતીવાળા પર પદાર્થથી સુખદુઃખની કલ્પના વડે મિથ્યા ભ્રમણા કરે છે. તેથી ભ્રમણાના ફળમાં ૮૪ લાખ યોનિમાં ભ્રમણ કરે છે. આહાહા! મોહને વશ પ્રાણી, જ્ઞાન આનંદ શાંતિ સ્વરૂપ આત્માને ભૂલીને જેના દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ જુદા છે તેને પોતાના માની રહ્યો છે. આહાહા! પોતાની ભૂલની પોતાને ખબર પડતી નથી, તેથી ભૂલને ગુણ માનતો હોવાથી એની ભૂલ ટળે શી રીતે?

સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથ વીતરાગદેવ કે જેમને એક સમયમાં ત્રણ કાળ ત્રણ લોકનું જ્ઞાન વર્તે છે તે એમ કહે છે કે ભાઈ! જગતમાં તું એક જ છો?-કે બીજા અનંત પદાર્થ છે? બીજા અનંત પદાર્થ છે અને તે અનંત પદાર્થ પોતાનો સ્વભાવ લઈને રહેલા છે. તેથી તેનો સ્વભાવ તેનામાં ને તારો સ્વભાવ તારામાં. એનો સ્વભાવ તને મદદ કરે કે નુકશાન કરે એવું ત્રણ કાળમાં બનતું નથી. તેવી રીતે તેના સ્વભાવને તું મદદ કરે, તેની સેવા

કરે એમ ત્રણ કાળમાં બનતું નથી. અરે, બાપા! શરીર ને પરવસ્તુ! તારે ને એને સેઢે સીમાડે પણ ક્યાંય મેળ નથી! એ વાત હવે દૃષ્ટાંતથી સમજાવે છે.

દિશા–દેશથી આવીને, પક્ષી વૃક્ષે વસન્ત,
પ્રાત: થતાં નિજ કાર્યવશ, વિધવિધ દેશ ઉડન્ત. ૯.

જુદી જુદી દિશાએથી ને જુદા જુદા દેશના પક્ષીઓ એક વૃક્ષ ઉપર આવીને રાતવાસો કરે છે. સવાર પડે ત્યાં બધાં પોતપોતાના કાર્યવશે જુદે જુદે સ્થળે ઉડીને જતાં રહે છે. જ્યાંથી આવ્યા હતા ત્યાં જ જવું એમ પણ પક્ષીને હોતું નથી. આવ્યા હોય પૂર્વમાંથી ને ઉડીને જાય પશ્ચિમમાં! આવ્યા હોય એક દેશમાંથી ને જાય બીજા દેશમાં! ક્યાંથી આવે ને ક્યાં જાય એનો એને મેળ હોતો નથી.

કોઈ પક્ષી પૂર્વમાંથી આવ્યું હોય, કોઈ પક્ષી અંગ બંગ, આદિ દૂરના દેશથી આવ્યું હોય ને એક વૃક્ષ ઉપર આવીને રાતવાસો કરે. સવાર પડતાં ઇચ્છાનુસાર ગમે ત્યાં ચાલ્યા જાય છે. તેવી રીતે સંસારી જીવ નરકાદિ ચાર ગતિમાંથી અહીં આવીને ભેગા મળે છે. પત્ની આવી હોય થોરમાંથી ને પતિ આવ્યો હોય બોરમાંથી! પોતપોતાની યોગ્યતાના દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ અનુસાર અહીં ભેગા થઈ જાય, બાકી બેને કાંઈ લેવા ન દેવા! એકબીજાને કાંઈ લેવા ન દેવા! પણ જેમ પક્ષી ૧૨ કલાક ભેગા બેસે તેમ આ બે જણા જ્યાં ૫–૨૫ વર્ષ ભેગા રહે ત્યાં માને કે આ બધા મારા છે!

આહાહા! ક્યાંથી આવ્યો ને ક્યાં જવાનો! છતાં મારા છોકરા ને મારી સ્ત્રી! આવા ને આવા ભ્રમણાના પોટલા ઊભા કરીને પરદ્રવ્યના સ્વભાવમાં મને ઠીક પડે છે એમ માનીને ચાર ગતિમાં રખડી રહ્યો છે. હું એક આત્મા જ્ઞાન ને આનંદકંદ છું, મારો સ્વભાવ તો જ્ઞાન ને આનંદ છે, મારું જ્ઞાન ને મારો આનંદ મારામાંથી આવે છે, કાંઈ કોઈ નિમિત્ત આદિમાંથી આવતું નથી–આવું જેને પોતાના સ્વરૂપનું ભાન નથી તે ભ્રમણાને લઈને ચાર ગતિમાં રખડી રહ્યો છે.

એક ઘરમાં દસ માણસ હોય, તેમાં કોઈ નરકમાંથી આવ્યો હોય, કોઈ ઢોરમાંથી આવ્યો હોય, કોઈ પંખીમાંથી આવ્યો હોય, કીડી મરીને પત્ની થઈ હોય ને ભૂતમાંથી આવીને પતિ થયો હોય. બધા એક ઘરમાં આવીને પોતાના આયુષ્યપર્યંત રહે છે. જેટલું આયુષ્ય લઈને આવ્યો હોય એટલો કાળ રહે છે. કોઈ કોઈના લઈને રહ્યા નથી કે કોઈ કોઈના થઈને રહ્યા નથી. માટે એ મારા છે એના લઈને મને સુખદુ:ખ થાય છે એવી માન્યતાને છોડી દે. કોઈ નથી તારા ને તું નથી એનો! તારો તું ને એના ઈ! પણ ભ્રમણાએ મારી નાખ્યા છે ને!

પોત પોતાના કારણે ભેગા થયા ને પાંચ-પચ્ચીશ વર્ષ આયુષ્ય પ્રમાણે ભેગા રહ્યા

ને આયુષ્ય પૂરું થતાં સૌને છોડીને ચાલ્યા જાય. જેવા ભાવ કર્યા હતા તેવા કર્મ બાંધ્યા ને મરીને જુદી જુદી ગતિમાં ચાલ્યા જાય. કોઈ નરકમાં જાય ને કોઈ કીડીમાં જાય, કાંઈ લેવા ન દેવા!

અહીં તો સ્વ-પર પદાર્થ ભિન્ન છે ને એને એક માનવા મિથ્યાત્વ છે એમ બતાવે છે. સ્વ ને પર પદાર્થ તદ્દન ભિન્ન છે, એને મારા માનવા ને એનાથી સુખદુઃખ થાય એ ભ્રમણા મિથ્યાત્વનું પાપ છે.

એક ભાણે જમનારા—શ્રેણિક, અભયકુમાર ને શ્રેણિકની રાણીઓ, શ્રેણિક નરકે ગયા, અભયકુમાર અને કેટલીક રાણીઓ સ્વર્ગે ગઈ. કયાં અહીં ભેગા ને કયાં હવે કોઈને લેવા-દેવા! સીતાજી, રામ ને લક્ષ્મણ! અહીં ત્રણે ભેગા રહેનારા, વનમાં સાથે રહેનારા ને મરીને લક્ષ્મણ નરકે, સીતાજી સ્વર્ગે ને રામચંદ્રજી મોક્ષે ગયા! સૌના પરિણામે સૌ ગયા, સૌ સ્વતંત્ર, કોઈને લેવા-દેવા નથી.

બે ભાઈ હતા. નાના ભાઈને રોગ થયો, મોટાએ તેની બહુ સેવા કરી ને ઈંડા ખવરાવ્યા. મોટો મરીને નારકી થયો ને નાનો મરીને પરમાધામી થયો. ને નારકીને-મોટાભાઈના જીવને—મારવા આવ્યો! આવું તો અનંતવાર જીવે ભોગવ્યું છે હો!! ભાઈ, તું તારા દ્રવ્યની નજર કર ને! તારું દ્રવ્ય આનંદ ને જ્ઞાનના ભંડારથી ભરેલી વસ્તુ છે તેનો તો વિશ્વાસ કર! હું આત્મા છું ને આ પર પદાર્થ સાથે મારે કાંઈ સંબંધ નથી એમ એકવાર તો તારી સામે જો.

અહીં કહે છે કે પોત પોતાના કર્મ અનુસાર આયુ પૂર્ણ થતાં દીકરો સ્વર્ગમાં જાય ને બાપ નરકમા જાય, આહાહા! શ્રેણિકરાજા ૮૪ હજાર વર્ષની સ્થિતિએ નરકમાં ગયા ને અભયકુમાર સ્વર્ગમાં ગયા. કોણ કોનું કરી દે? અરે, તું કોણ ને પર કોણ—એની ખબર નથી. પર ચીજ એને કારણે આવીને ઊભી રહી ને એને કારણે એની મુદતે ચાલી જશે. એમાં કોણ કોનું કરે?

અરે, બાપુ! જેમ છે તેમ તને કેમ ભાસતું નથી! તને તારાથી જુદા છે તે જુદા કેમ ભાસતા નથી? જુદા છે તે જુદા ભાસતા નથી તો તને સુખ થાય શી રીતે? માટે હે ભદ્ર! સ્ત્રી-પુત્ર આદિને તું હિતરૂપ માની રહ્યો છે પણ તે સર્વથા ભિન્ન સ્વભાવવાળા હોવાથી તેમનામાં તારી આત્મબુદ્ધિ કેમ છે? જો સ્ત્રી આદિ તારા હોય તો તારા રહેવા છતાં તેઓ અન્ય અવસ્થાને કેમ પ્રાપ્ત થાય? જો તારા હોય તો તારી હયાતીમાં અવસ્થાંતર થઈને ચાલ્યા કેમ જાય? એટલો વિચાર તો કર! માટે મોહજનિત આવેશને હઠાવીને, તું અને પર જુદે જુદા છો એમ દેખ! તો તને સ્વપર વિવેક થાય ને દુઃખ મટીને સુખ પ્રગટ થાય. વિશેષ કહેવાશે.

(—ક્રમશઃ)

# શુદ્ધાત્મ-અવલોકન

## જાણ અલિંગગ્ગહણમ્ ।

[ શ્રી સમયસાર ગાથા-૪૯, અવ્યક્ત ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનમાંથી ]

[ તા. ૨૩-૧-૭૮ ]

આ અવ્યક્તના બોલ ચાલે છે. અવ્યક્તનો એવો અર્થ છે. કે પર્યાયથી ભિન્ન જે વસ્તુ છે તેને અવ્યક્ત કહેવામાં આવે છે. આ અવ્યક્ત શુદ્ધ છે, તે જ આદરણીય અને ઉપાદેય છે. પોતાની જ્ઞાનની પર્યાયમાં પર્યાયનું અને દ્રવ્યનું જ્ઞાન એક સાથે થવા છતાં પર્યાયને-વ્યક્તને તે દ્રવ્ય સ્પર્શતું-અડતું નથી તેને અવ્યક્ત કહેવામાં આવે છે. ભગવાન આત્મા નિત્યાનંદપ્રભુ જે ત્રિકાળ વસ્તુસ્વરૂપ છે તેને અહીં અવ્યક્ત કહેવામાં આવ્યો છે. અવ્યક્ત જાણવામાં આવે છે નિર્મળ પર્યાયમાં, કે જે પર્યાય વ્યક્ત છે, બાહ્ય છે પણ તેને ત્રિકાળ દ્રવ્ય સ્પર્શતું નથી-અડતું નથી, છતાં વ્યક્તમાં-પર્યાયમાં દ્રવ્યનું જ્ઞાન અને દ્રવ્યનો અનુભવ આવ્યા વિના રહેતો નથી. દ્રવ્યના અનુભવને ધ્રુવનો અનુભવ પણ કહેવામાં આવે છે. અનુભવ તો ખરેખર પર્યાયમાં થાય છે પણ અનાદિથી પર તરફના લક્ષથી રાગનો અનુભવ કરે છે તે પર્યાયને અંતર્મુખ કરવાથી ધ્રુવનો અનુભવ કરે છે એમ કહેવામાં આવે છે.

ભાઈ! સૂક્ષ્મ વાત છે, અંતરની સમ્યગ્દર્શન વાત શું છે? સમ્યગ્દર્શનનો વિષય શું છે? તે કદી સાંભળ્યું નથી, કદી કર્યું નથી. બહારની સંસારની માથાકૂટ જ અત્યાર સુધી કરી છે. આખી જિંદગી કમાવામાં-રળવામાં જાય કે જેમાં એકલું પાપ જ છે. સ્ત્રી, પુત્ર, પૈસાદિમાં એકલું પાપ જ છે. કદાચ બહારથી નિવૃત્તિ લઈને દયા, દાન, વ્રત, ભક્તિમાં આવે છે તો તે પણ પુણ્ય છે, કાંઈ આત્માનો ધર્મ નથી. ધર્મ તો અલૌકિક ચીજ છે, એક સમય પણ તે કર્યો નથી.

અહીં કહે છે કે એક સમયમાં પૂર્ણાનંદનો નાથ, ચૈતન્ય ભગવત્સ્વરૂપ ભગવાન પડ્યો છે તેની પર્યાયમાં તેનું દ્રવ્યનું જ્ઞાન આવે છે અને તે પર્યાયનું પણ જ્ઞાન આવે છે છતાં તે દ્રવ્યવસ્તુ જ્ઞાનની પર્યાયમાં આવતી નથી અને તે દ્રવ્યવસ્તુ તે જ્ઞાનની પર્યાયને સ્પર્શતી નથી. ન્યાયશાસ્ત્રોમાં પણ આવે છે કે ધર્મી એટલે કે દ્રવ્ય અને ધર્મ એટલે કે પર્યાય-બન્ને વસ્તુ ભિન્ન છે, બન્ને એક વસ્તુ નથી. ભાઈ! એકવાર આ વાત તો સાંભળ! વસ્તુ જે અંદર પડી છે તે બાહ્ય લક્ષ્મી, શરીર, મન, વાણીથી તો ભિન્ન છે જ, તેનાથી તો જાણવામાં આવતી નથી પણ જેની કિંતમ કરવી છે તે અમૂલ્ય ચીજ દયા, દાન, વ્રત, ભક્તિના ભાવથી પણ જણાય તેવી નથી પણ તે રાગથી ભિન્ન થઈને

પોતાની પર્યાયમાં જે સ્વ-પર પ્રકાશક શક્તિ છે તે જ્ઞાયક ઉપર લક્ષ કરે તો તે પર્યાયમાં જ્ઞેયવસ્તુ જણાય છે. પણ દૃષ્ટિ પર્યાય ઉપર, રાગ ઉપર હોવાથી, જ્ઞાનની એક સમયની પર્યાયમાં આખા જ્ઞાયકનું જ જ્ઞાન થતું હોવા છતાં ભ્રમથી પરનું જ્ઞાન કરું છું એમ માને છે તે ભ્રમ છે. આવી સ્વ-પરપ્રકાશક શક્તિ આબાળગોપાળ બધાને છે. આબાળગોપાળ એટલે ફક્ત ક્ષયોપશમવાળા મનુષ્ય જ નહિ પણ એકેન્દ્રિયથી માંડીને પંચેન્દ્રિય, નારકી, પશુ બધાં પ્રાણીને એવી સ્વ-પરપ્રકાશક શક્તિ છે. અતીન્દ્રિય અનંત ગુણનો પિંડ, ભગવાન સ્વરૂપ, પરમાત્મસ્વરૂપ જ શક્તિરૂપે છે તેને અહીં અવ્યક્ત કહે છે તેના પાંચ બોલ તો થયા, આજે હવે છઠ્ઠો બોલ લેવાય છેઃ—

**પોતે પોતાથી જ બાહ્ય–અભ્યંતર સ્પષ્ટ અનુભવાઈ રહ્યો હોવા છતાં પણ વ્યક્તપણા પ્રતિ ઉદાસીનપણે પ્રદ્યોતમાન (પ્રકાશમાન) છે માટે અવ્યક્ત છે. ૬**

“પોતે પોતાથી જ બાહ્ય–અભ્યંતર સ્પષ્ટ”, આવા જ શબ્દો પ્રકાશશક્તિમાં લીધા છેઃ “સ્વયં પ્રકાશમાન વિશદ (-સ્પષ્ટ) એવા સ્વસંવેદનમયી (-સ્વાનુભવમયી) પ્રકાશશક્તિ.” આત્મામાં જ્ઞાન, આનંદ આદિ અનંત શક્તિઓ, ગુણો છે, એમાંથી શ્રી સમયસારમાં ૪૭ શક્તિઓ વર્ણવી છે તેમાં એક પ્રકાશશક્તિ નામનો ૧૨ મો ગુણ વર્ણવ્યો છે. ત્યાં એ શક્તિનો એવો સ્વભાવ છે કે પોતાનું પ્રત્યક્ષ સ્વસંવેદન પોતાથી થાય છે. અવ્યક્તના બોલમાં ‘સ્પષ્ટ’ શબ્દ લીધો છે ને પ્રકાશશક્તિમાં પણ ‘વિશદ–સ્પષ્ટ’ શબ્દ લીધો છે. ભગવાન આત્મા અંતરમાં એવી ચીજ છે કે સ્વયં-જેમાં રાગ કે નિમિત્તની અપેક્ષા નથી, વ્રત, તપ, ભકિત, પૂજાના બધા ભાવ રાગ છે, વિકલ્પ છે; તેનાથી આત્મા જણાતો નથી. સ્વયં શબ્દમાં એમ કહેવું છે કે પોતાનો અંતર્સ્વભાવ શુદ્ધ ચૈતન્ય છે. મૂળ તો સ્પષ્ટ કહો, ‘સ્ફૂટ’ કહો, કે ‘પ્રત્યક્ષ’ કહો; ખરેખર તો એક જ વાત છે.

ધર્મની પહેલી શ્રેણીમાં સમ્યગ્દર્શનના કાળમાં મતિ અને શ્રુતજ્ઞાનમાં ભગવાન આત્મા પ્રત્યક્ષ થઈ જાય છે કે જે સ્વયં પ્રકાશમાન છે, વિશદ-સ્પષ્ટ એવી સ્વસંવેદન-મય-સ્વાનુભવમય પ્રકાશશક્તિરૂપ છે. જેમ આત્મામાં જ્ઞાન, જ્ઞાન, જ્ઞાન, જાનન, જાનન, જાનન ગુણ છે તેમ પ્રકાશ, પ્રકાશ, પ્રકાશગુણ ત્રિકાળ છે. એ ગુણનો સ્વભાવ સ્વ-સંવેદન-પોતાથી વેદન થાય એવો છે, તેને દયા, દાન, વ્રત, વ્યવહારની કોઈ અપેક્ષા જ નથી. ધર્મની પહેલી સીડી સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન છે તેમાં આત્મા સ્વસંવેદન પ્રત્યક્ષ છે. સ્વ=સ્વથી, સં=પ્રત્યક્ષ, એટલે કે પોતે પોતાથી પ્રત્યક્ષ વેદન કરે, એવો પ્રકાશ નામનો ગુણ આત્મામાં છે, પણ એ ગુણની પ્રતીતિ તો જ્યારે દ્રવ્યની પ્રતીત થાય છે ત્યારે થાય છે. અવ્યકત કહો, સામાન્ય કહો, દ્રવ્ય કહો, નિત્ય કહો, એકરૂપ કહો કે અભેદ કહો તેની પ્રતીતિ કયારે થાય છે?—કે અનંત અનંત શકિતનો પિંડ જે

અવ્યક્ત છે તેમાં ઉપાદેયતા આવી ત્યારે સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાનમાં તેની પ્રતીતિ આવે છે. ત્યારે ધર્મની શરૂઆત થાય છે. આવી ધર્મની વાત ઝીણી પડે અને લોકોને ઉપદેશમાં એવું મળ્યું હોય કે વ્રત કરો, તપસ્યા કરો, ભક્તિ-પૂજા કરો, મંદિર બનાવો-તેનાથી ધર્મ થશે-તે સહેલું લાગે છે. તેને કહે છે કે એનાથી ધર્મ તો થતો જ નથી પણ જો તેમાં રાગની મંદતા કરી હોય તો પુણ્ય થાય છે, પણ એ પુણ્યથી આત્મા અનુભવમાં આવે છે-એમ તો બનતું જ નથી.

પોતાના અનુભવથી જાણવામાં આવે છે એવી શક્તિઓ અંદર પડી છે પણ એ શક્તિઓ જો પ્રતીતમાં લે તો શક્તિઓ જણાય છે. પણ તેનો વિશ્વાસ-ભરોસો નથી. વર્તમાન એક સમયની પર્યાયનો અને દયા, દાન, રાગનો વિશ્વાસ છે, તેના ઉપર જ જોર છે. એ તો પર્યાયબુદ્ધિ, મિથ્યાબુદ્ધિ, મિથ્યાદૃષ્ટિ છે. શ્રી સમયસારની ગાથા ૧૭/૧૮માં પણ કહ્યું છે કે પોતાની પર્યાયમાં, જ્ઞાનની પર્યાયનો સ્વ-પરપ્રકાશક ગુણ હોવાથી પર્યાયમાં સ્વયં આત્મા જ જાણવામાં આવે છે, એવું હોવા છતાં રાગને વશ થઈને, પર્યાયમાં જ્ઞાયક જાણવામાં આવતો હોવા છતાં તેને જાણતો નથી.-આવી અપૂર્વ વાત છે જે તેણે સાંભળી નથી. ધર્મનો માર્ગ બહુ જુદો છે. હજી આ તો પહેલાં ધર્મની શરૂઆતની વાત છે, પછી ચારિત્ર અને કેવળજ્ઞાન એ તો બહુ અલૌકિક વાત છે. અહીં તો પ્રથમ પ્રકાશશક્તિની પ્રતીતિ ક્યારે થાય છે?—કે જ્યારે આખા આત્માની પ્રતીતિ થાય છે ત્યારે તે પ્રકાશશક્તિની પ્રતીતિ થાય છે. આખો આત્મા અનંત ગુણનો પિંડ છે તેમાં એક પ્રકાશશક્તિ નામનો ગુણ છે તેથી સ્વસંવેદનથી જ આત્મા જાણવામાં આવે છે અને તેને અવ્યક્ત કહેવામાં આવે છે. જે જાણવામાં આવે છે તે અવ્યક્ત છે અને જેમાં જાણવામાં આવ્યું તે પર્યાય વ્યક્ત છે.

અહીં સ્વયં—પોતાથી જ પોતાની સમ્યગ્દર્શન-જ્ઞાનમય નિર્મળ પર્યાય હોય છે, તે સમયે સ્વયં પોતાથી જ બાહ્ય અભ્યંતર સ્પષ્ટ અનુભવમાં આવી રહ્યો છે. અહીં બાહ્ય એટલે વ્યક્ત પર્યાય અને અભ્યંતર એટલે અવ્યક્ત દ્રવ્ય એમ લીધું છે. ભાઈ! સમજાય એટલું સમજવું, આ તો અલૌકિક માર્ગ છે. જૈનદર્શન કોઈ અલૌકિક ચીજ છે. વસ્તુનું સ્વરૂપ એટલે જૈનદર્શન, અને જૈનદર્શન એટલે વસ્તુનું સ્વરૂપ, જૈનદર્શન એ કોઈ સંપ્રદાય નથી. એ તો જેવી વસ્તુ છે એવી ભગવાને જાણી અને જાણી એવી કહેવામાં આવી છે.

હવે સ્વયં પોતાથી જ એમ કહેતાં કોઈ એમ કહે કે આમાં તો પોતાથી જ; 'જ' કહેતાં એકાંત થઈ જાય છે; કથંચિત્ પરથી અને કથંચિત્ પોતાથી એમ કહે તો અનેકાંત રહે છે; તો તેને કહે છે કે ભાઈ! આ જ સમ્યક્ એકાંત છે, પોતાથી જ થાય છે અને પરથી કિંચિત્ થતું નથી તેમાં જ અનેકાંત રહે છે. સ્વયમેવ જ નિર્મળાનંદ પ્રભુ, અતીન્દ્રિય આનંદનો નાથ, એ અતીન્દ્રિય આનંદની પર્યાય અને મતિ-શ્રુતજ્ઞાનની પર્યાય દ્વારા-

નિર્મળ પર્યાયદ્વારા અનુભવમાં આવે છે. બાહ્ય પર્યાયદ્વારા નહીં, બહારની ચીજની અહીં વાત જ નથી. શ્રી નિયમસાર શાસ્ત્રમાં શુદ્ધભાવ અધિકારની ગાથા ૩૮ માં "जीवादि बहित्तच्चं हेयम्" જીવની જે નિર્મળ પર્યાય છે તેને અહીં બાહ્ય કહી છે, બાહ્ય કહીને તેને હેય કહી છે. રાગાદિ તો હેય છે જ પણ જીવની નિર્મળ પર્યાયને બાહ્ય કહીને હેય કહી છે. પર્યાય એ વ્યવહારજીવ છે, અભૂતાર્થ છે; દ્રવ્ય એ ભૂતાર્થ છે. ભૂતાર્થને અહીં અવ્યક્ત કહ્યો છે અને પર્યાય અભૂતાર્થને અહીં વ્યક્ત કહી છે.

શ્રી સમયસાર ગાથા ૧૭-૧૮ માં કહ્યું છે કે પોતાનો ત્રિકાળી ધ્રુવ પદાર્થ વસ્તુ છે તેને જાણવો તે પર્યાયનો સ્વભાવ છે, તે પર્યાયના સ્વભાવમાં દ્રવ્ય તો જાણવામાં આવે જ છે પણ તેનું લક્ષ તે દ્રવ્ય ઉપર નથી પણ વર્તમાન અવસ્થા જે વ્યક્ત છે, બાહ્ય છે તેમાં તે પર્યાયમૂઢની રુચિ જામી ગઈ છે તેથી તે પર્યાયમૂઢ મિથ્યાદૃષ્ટિ છે.

અહીં કહે છે કે સ્વયં પોતાથી જ બાહ્ય અભ્યંતર સ્પષ્ટ અનુભવમાં આવે છે. દ્રવ્ય ને પર્યાય બન્ને પ્રત્યક્ષ અનુભવમાં આવી રહ્યાં છે. દ્રવ્ય તો ધ્રુવ છે તેનો તો પર્યાયમાં અનુભવ આવતો નથી એટલે કે પર્યાયમાં આખું ધ્રુવ આવી જતું નથી પણ ધ્રુવ વસ્તુ જેવી છે તેવી પર્યાયમાં અનુભવાય છે. અનાદિથી પર્યાયનો જ અનુભવ છે પણ જ્યારે પર્યાય દ્રવ્ય-ધ્રુવ તરફ ઢળી ત્યારે તેને ધ્રુવનો અનુભવ થયો એમ કહેવામાં આવે છે. ભગવાન આત્મા એક સમયની પર્યાયમાં બાહ્ય-અભ્યંતર સ્પષ્ટ અનુભવમાં આવી રહ્યો છે. વ્યક્ત અને અવ્યક્ત બન્ને અનુભવમાં આવી રહ્યા છે. શ્રી ચિદ્વિલાસમાં કહ્યું છે કે પર્યાય મલિન હો કે નિર્મળ, તેના કર્તા, કર્મ, કરણ, સંપ્રદાન, અપાદાન, અધિકરણ પર્યાયના પર્યાયમાં છે, નિર્મળ પર્યાયનો કર્તા નિર્મળ પર્યાય, નિર્મળ પર્યાયનું કાર્ય નિર્મળ પર્યાય, નિર્મળ પર્યાયનું સાધન નિર્મળ પર્યાય, નિર્મળ પર્યાયનું દાન લીધું, પર્યાય બનીને દાન દીધું તે નિર્મળ પર્યાય, પોતાથી ઉત્પન્ન થઈ તે અપાદાન અને પર્યાયને આધારે પર્યાય ઉત્પન્ન થઈ તે અધિકરણ.

શ્રી પ્રવચનસાર ગાથા ૧૦૧ માં કહ્યું છે કે ઉત્પાદ ઉત્પાદથી છે ને વ્યય વ્યયથી છે. શાસ્ત્રમાં ભિન્ન ભિન્ન ઠેકાણે ગજબ વાતો કરી છે. દિગંબર આચાર્યોએ એક એક શાસ્ત્રમાં એક એક ગાથામાં અલૌકિક વાત કરી છે, એવી વાતો બીજા કોઈ ઠેકાણે નથી. અહીં કહે છે કે બાહ્ય અભ્યંતર પ્રત્યક્ષ અનુભવમાં આવી રહ્યો છે, ભગવાન આત્મા વ્યક્ત અને અવ્યક્ત બન્નેનો અનુભવ કરે છે. આત્મા અંતરમાં સ્વ ને પરનો અનુભવ કરે છે. અહીં પર એટલે વ્યક્ત કહેવામાં આવે છે, પર્યાયને પર કહેવાય છે, પરદ્રવ્ય પણ કહેવામાં આવે છે, નાશવાન પણ કહી છે. એક સમયની સ્થિતિવાળી-મુદતવાળી પણ કહી છે. શ્રી પ્રવચનસાર ગાથા ૧૦૯ માં કહ્યું છે સત્ દ્રવ્ય, સત્ ગુણ, સત્ પર્યાય, સત્‌નો વિસ્તાર છે. અનંત શક્તિનો પિંડ દ્રવ્ય છે તે સત્ છે, ગુણ છે તે પણ સત્ છે અને

પર્યાય પણ સત્ છે. તથા શ્રી સમયસારના બંધ અધિકારમાં કહ્યું છે કે ત્રણેય અહેતુક છે, કોઈનો હેતુ તો છે જ નહિ પણ ગુણ અને દ્રવ્ય પણ પર્યાયના હેતુ નથી. આહાહા! આવી વાત કયાં છે? સમજે નહીં ને ચોરાશીમાં રખડપટ્ટી કરીને મરી રહ્યો છે! અહીં મોટો ચક્રવર્તી હોય-બ્રહ્મદત્ત ચક્રવર્તી ને હીરાના પલંગમાં પોઢયો હોય, ૧૬ હજાર દેવ તો જેની તહેનાતમાં ઊભા હોય, મરીને સાતમી નરકમમાં ગયો. દેહ છૂટતાંવેંત સીધો સાતમી નરકમાં ઉપજ્યો! અત્યારે હજી તો લગભગ ૮૫ હજાર વર્ષ ગયા છે, અસંખ્ય અબજ વર્ષનું એક પલ્યોપમ, એવા ૧૦ કરોડ ગુણ્યા ૧૦ કરોડ પલ્યોપમનું એક સાગરોપમ થાય, એવા તેત્રીસ સાગરના આયુષ્યની સ્થિતિમાં તે બ્રહ્મદત્ત ચક્રવર્તી નરકમાં પડયો છે; તે જ રીતે બીજા જેને સમ્યગ્દર્શન નથી કે સમ્યગ્દર્શન શું છે તેની પણ ખબર નથી કે સત્સમાગમથી દરરોજ ચાર-પાંચ કલાક સાંભળવાનું, વાંચવાનું કે વિચારવાનું કરી પુણ્ય બાંધવાનું પણ જેને નથી કે જેથી પુણ્ય બાંધે તો સ્વર્ગમાં જાય કે મનુષ્ય થાય; તેથી તે બધાને તિર્યંચમાં-ઢોરમાં જ જવાના લક્ષણ દેખાય છે. જેને ધર્મના સંસ્કાર નથી અને જેને સત્સમાગમે, વાંચન, શ્રવણ, પરિચય રોજ ચાર-પાંચ કલાક નથી તેને તો પુણ્ય પણ નથી. શ્રીમદ્ કહે છે કે આખો દિવસ ધંધાના, કુટુંબના પાપમાંથી નવરાશ મેળવી એકાદ કલાક કયાંક સાંભળવા જાય ત્યાં કુગુરુ લૂટી લ્યે છે.

અહીં કહે છે કે સ્પષ્ટ અનુભવમાં આવી રહ્યું છે, પર્યાય અને દ્રવ્ય સ્પષ્ટ અનુભવાઈ રહ્યાં છે. પરલક્ષી પર્યાયનો અનુભવ તો અનંતકાળથી છે, પણ પર્યાય જ્યારે દ્રવ્ય તરફ વળી-ઝુકી ત્યારે દ્રવ્યનો અનુભવ પણ છે અને પર્યાયનો અનુભવ પણ છે એમ કહેવામાં આવે છે.

તથાપિ વ્યક્તપણા પ્રતિ ઉદાસીનપણે પ્રદ્યોતમાન (પ્રકાશમાન) છે. નિર્મળ પર્યાય અને ત્રિકાળી નિર્મળ ભગવાન આત્મા તેનો અનુભવ હોવા છતાં પર્યાયથી પણ ઉદાસીન છે, પર્યાયમાં એક સમય ટકે છે પણ દ્રવ્ય ઉપર દૃષ્ટિ પડી છે. પહેલાં જે બાહ્ય કહ્યું હતું તેને અહીં વ્યક્ત કહે છે. વ્યક્તપણા પ્રતિ ઉદાસીનપણે પ્રકાશમાન છે, ત્યાં રહેવાની ભાવના નથી, તેનાથી ઉદાસીન છે. તેનું આસન ત્રિકાળી જ્ઞાયક આનંદકંદ પ્રભુ દ્રવ્ય છે તેના ઉપર છે. પર્યાયથી ખસીને દ્રવ્ય ઉપર આસન ટકાવ્યું છે. મહેલ, મકાનમાં તો તેનું આસન-રહેવું નથી, શરીરમાં આત્મા રહે છે એમ પણ નથી અને ધર્મી રાગમાં રહે છે એમ તો નથી તથા ધર્મી નિર્મળ પર્યાયમાં રહે છે એમ પણ નથી. આવી વાત તો સાંભળવા મળવી પણ મુશ્કેલ છે. બાકી પૈસા-ધૂળ તો બધાને ઘણી મળે છે. પરદેશમાં લોકોને પૈસા ખૂબ મળ્યા છે પણ બિચારા દુઃખી દુઃખી થઈ રહ્યા છે ને ધર્મ શાંતિ શોધવા નીકળ્યા છે પણ ત્યાં તેને સાંભળવા પણ કયાંથી મળે?

અહીં કહે છે કે આવું હોવા છતાં પણ વ્યક્ત-પર્યાય પ્રત્યે ઉદાસીનરૂપથી પ્રકાશમાન

છે. પર્યાયમાં કાયમ રહેવું નથી, તેમાં આસન લગાવ્યું નથી. વસ્તુ જે નિત્યાનંદ પ્રભુ ધ્રુવ છે ત્યાં દૃષ્ટિનું આસન છે; પર્યાયમાં રહેવું તે આસન નથી. પર્યાય થાય છે ખરી, અને બન્નેનો અનુભવ પણ છે, બન્નેનું જ્ઞાન પણ છે પણ તેનાથી ઉદાસીન છે, શું ગજબ વાત કરી છે! શુદ્ધ ચૈતન્ય ધ્રુવ ઉપર જ આસન લગાવ્યું છે, દૃષ્ટિનો વિષય જે ધ્રુવ છે ત્યાં જ દૃષ્ટિ પડી છે, કયારેય ધ્રુવ ઉપરથી દૃષ્ટિ ખસતી નથી. નિર્મળ પર્યાય અને ત્રિકાળી દ્રવ્ય-બન્નેનું જ્ઞાન અને બન્નેનો અનુભવ હોવા છતાં વ્યક્ત-બાહ્ય પર્યાય ઉપર આસન લગાવ્યું નથી, દૃષ્ટિનું આસન અવ્યક્ત ઉપર છે. વ્યક્તપણા પ્રતિ ઉદાસીનપણે પ્રકાશમાન છે માટે તેને અવ્યક્ત કહેવાય છે.

એ રીતે પ્રથમ એમ કહ્યું કે છ દ્રવ્યથી ભિન્ન સપ્તમ્ આત્મા છે તેને અવ્યક્ત કહે છે, બીજામાં કષાયના જેટલા ભાવ પ્રગટ છે તેનાથી ભગવાન આત્મા ભિન્ન છે માટે અવ્યક્ત છે, ત્રીજા બોલમાં ચિત્સામાન્યમાં ચૈતન્યની સમગ્ર વ્યક્તિઓ અંતર્ભૂત છે માટે અવ્યક્ત છે. આહાહા! ભગવાન ધ્રુવસ્વરૂપ એમાં ભૂત અને ભવિષ્યની બધી પર્યાયો નિમગ્ન છે, વર્તમાન પર્યાયમાં જાણવામાં છે, તે પ્રગટ છે. વર્તમાન પર્યાયમાં જાણવું કે પૂર્વપર્યાય અને ભવિષ્યની પર્યાય બધી નિમગ્ન છે તે જાણવું પર્યાયમાં છે. ચોથા બોલમાં ક્ષણિક વ્યક્તિમાત્ર નથી માટે અવ્યક્ત છે, પાંચમા બોલમાં વ્યક્ત અને અવ્યક્ત એકમેક મિશ્રિત પ્રતિભાસવા છતાં વ્યક્તપણાને સ્પર્શતો નથી માટે અવ્યક્ત છે; અને છઠ્ઠો બોલ-બાહ્ય અભ્યંતર પ્રત્યક્ષ અનુભવમાં આવવા છતાં પણ વ્યક્ત-બાહ્ય પ્રત્યે ઉદાસીન છે, તેની દૃષ્ટિનું જોર દ્રવ્ય ઉપર છે. ધર્મીની દૃષ્ટિનું જોર પર્યાય ઉપર નથી તેણે દ્રવ્યમાં આસન લગાવ્યું છે.—આમ છ હેતુથી અવ્યક્તને સિદ્ધ કર્યું. અવ્યક્ત કહો કે શુદ્ધ ઉપાદેય આત્મા કહો-એ આદરણીય છે, પર્યાયમાત્ર હેય છે. જે પર્યાય દ્રવ્યને આદરણીય માને છે તે પર્યાય પણ હેય છે. ત્રિકાળ જ્ઞાયકભાવનો પર્યાય આદર કરે છે તેનું નામ સમ્યગ્દર્શન-ધર્મ દશા કહેવામાં આવે છે. [ સંપૂર્ણ ]

—*—

## * વિશ્વનું અદ્ભુત તત્ત્વ *

અહો! ભગવાન આત્મા સર્વાંગ સહજાનંદની મૂર્તિ! જ્યાંથી જુઓ ત્યાં આનંદ....આનંદ....ને આનંદ. જેમ સાકર સર્વાંગે ગળપણથી-મીઠાસથી ભરેલ છે, તેમ ભગવાન આત્મા સર્વાંગ આનંદથી ભરેલો છે. વિશ્વનું અદ્ભુત તત્ત્વ આત્મા જ છે. તેની અંદર જવાથી તારા અનંત ગુણનો બગીચો ખીલી ઉઠશે. જેમ કમળ ખીલી ઉઠે છે તેમ તારા ગુણો ખીલી ઉઠશે. ત્યાંથી જ્ઞાન મળશે. આનંદ મળશે. ત્યાં જ વિસામો લે, ત્યાં જ વિહાર કર, ત્યાંથી જ અનંત આનંદ ને જ્ઞાન આદિ બધું મળશે.

[ વૈરાગ્ય અને પુરુષાર્થ પ્રેરક પુરાણ પ્રસંગ....પાનું ૨ થી ચાલુ ]

તેને વપ્રશ્રી નામની સ્ત્રી હતી, તેને વજ્રમુષ્ટિ નામનો પુત્ર હતો, તેને રાજા વિમલચંદ્રની મંગીનામની પુત્રી પરણાવી હતી. મંગી પોતાના પતિ વજ્રમુષ્ટિને બહુ પ્રિય હતી. મંગી સાસુની સેવામાં પ્રમાદી હતી તેથી તેની સાસુનું ચિત્ત કલુષિત રહેતું હતું. તેથી સાસુ એવો ઉપાય શોધતી હતી કે કોઈ પ્રકારે પોતાનો પુત્ર મંગીથી વિરકત થાય અથવા મંગી મરે.

એક વખત વસંતઋતુના ઉત્સવમાં વજ્રમુષ્ટિ વનમાં રમવા ગયો અને મંગીની સાસુએ ઘડામાં સર્પ રાખીને કપટથી મંગીને કહ્યું કે હે વહુ! ઘડામાં મોતીની માળા છે તે કાઢીને તું પહેર! મંગીએ મોતીનીમાળા લેવા ઘડામાં હાથ નાખ્યો ને તુરત સર્પ કરડયો. મંગી સર્પડંસથી તુરત મૂર્છિત થઈ ગઈ અને સાસુએ સેવકને આજ્ઞા કરી કે આને (મંગીને) મસાણમાં નાખી આવ! સેવક આજ્ઞા પ્રમાણે મંગીને મહાકાળ મસાણમાં નાખી આવ્યો. તે પછી રાત્રીના મંગીનો પતિ વજ્રમુષ્ટિ ઘેર આવ્યો અને પ્યારી પ્રિયા મંગીના સર્પડંસ આદિના સમાચાર જાણી ઘણો જ દુઃખી થયો ને તરત એક હાથમાં ખૂલ્લી તલવાર અને એક હાથમાં દીપક લઈને મહાકાળ મસાણમાં મંગીને શોધવા ગયો.

મહાકાળ મસાણમાં તે રાત્રિના વરધર્મ નામના મુનિરાજ પ્રતિમાયોગ ધારણ કરીને બિરાજમાન હતા તેમને દેખીને વજ્રમુષ્ટિ બહુ પ્રસન્ન થયો. મુનિરાજને ત્રણ પ્રદક્ષીણા કરી, નમસ્કાર કરી કહેવા લાગ્યો હે પૂજ્યપાદ! જો મારી સ્ત્રી મને મળી જાય તો હું સહસ્રદલ કમલથી આપની પૂજા કરીશ. એવી પ્રતિજ્ઞા કરી પોતાની પત્નીને શોધતા શોધતા મળી ગઈ એટલે મૂર્છિત સ્ત્રીને ઉઠાવીને મુનિરાજના ચરણ સમીપ લઈ ગયો. મુનિ ઋદ્ધિધારી હતા, તેમના પ્રભાવથી મંગી નિર્વિષ થઈ ગઈ. વજ્રમુષ્ટિ પોતાની સ્ત્રીને નિર્વિષ થઈ જાણીને ઘણો જ ખુશી થયો અને તેને મુનિરાજ સમીપ બેસાડીને વજ્રમુષ્ટિ સુદર્શન નામના સરોવરમાંથી સહસ્રદળ કમળ લેવા ગયો અને મંગીને કહી ગયો કે જ્યાં સુધી હું અહીં ન આવું ત્યાં સુધી તું મુનિરાજ સમીપ બેસજે.

મંગી મુનિરાજની સમીપ બેઠી છે અને તેનો પતિ વજ્રમુષ્ટિ કમલ લેવા સરોવર તરફ ગયો. આ મસાણમાં રહેલો ચોર સૂરસેન જે ચોરોનો સાતમો ભાઈ છે તે વજ્રમુષ્ટિનો પત્નિ-મંગી ઉપરનો અધિક સ્નેહ દેખીને મનમાં વિચારવા લાગ્યો કે પતિને પત્નિ ઉપરની પ્રીતિમાં તો કમી નથી પણ પત્નિને પતિ ઉપર કેવી પ્રીતિ છે તે તો જરા જોઉં-તેમ વિચારી તેની પરીક્ષા લેવા માટે પોતાનું રૂપ તે સ્ત્રીને બતાવ્યું. મહારૂપવાન સૂરસેન ચોર મીઠા વચનથી તેની સાથે વાતચીત કરવા લાગ્યો. પાપીની મંગી સૂરસેન ચોરનું રૂપ દેખીને અને મીઠા વચન સાંભળીને કામાગ્નિથી વિહવલ થઈને કહેવા લાગી કે હે દેવ! મને કૃપા કરી અંગીકાર કરો! ત્યારે સૂરસેન ચોરે કહ્યું કે તારો પતિ

મહા બળવાન યોદ્ધો હોવાથી હું તેનાથી ડરૂં છું, ત્યારે તે સ્ત્રીએ કહ્યું કે હે નાથ! તમે ભય ન કરો. હું મારા પતિને ખડગથી મારી નાખીશ. ત્યારે સૂરસેને કહ્યું જો તું તારા પતિને મારીશ તો હું તને અંગીકાર કરીશ. એમ કહીને તે ચોર તે સ્ત્રીનું કાર્ય જોવા સંતાઈને બેઠો.

મંગીનો પતિ વજ્રમુષ્ટિ સરોવરમાંથી કમલ લાવીને મુનિરાજને ચઢાવી નમસ્કાર કરતો હતો ત્યારે મંગી પાછળથી પોતાના પતિને તરવાર મારવા જતી હતી ત્યારે તુરત જ ચોર સૂરસેને તે સ્ત્રીનો હાથ પકડી વજ્રમુષ્ટિને બચાવી લીધો અને છુપાઈ ગયો અને આ પ્રસંગ દેખીને સૂરસેનનું ચિત્ત સંસારથી વિરકત થઈ ગયું. મંગી પોતાનો દોષ છુપાવવા મૂર્છા ખાઈને જમીન ઉપર પડી ગઈ. તે જોઈ વજ્રમુષ્ટિએ કહ્યું હે પ્રિયા! કેમ તું ડરી ગઈ! અહીં ભયનું કારણ કાંઈ નથી તેમ કહી ધૈર્ય બંધાવી મુનિરાજને વંદન કરી પત્નિને લઈને તે પોતાને ઘેર ગયો.

સૂરસેન ચોરના છ ભાઈઓ જે ચોરી કરવા નગરીમાં ગયા હતા તે ચોરી કરીને ઘણું દ્રવ્ય લાવ્યા અને તેના સાત ભાગ પાડીને નાનાભાઈ સૂરસેન કહે કે તું તારો ભાગ લઈ લે! ત્યારે સૂરસેને પોતાનો ભાગ ન લીધો અને કહ્યું કે સંસારી જીવ સ્ત્રી પુત્રાદિ માટે ધન ઉપાર્જે છે પણ સ્ત્રીની ચેષ્ટા તો મેં આજ પ્રત્યક્ષ દેખી છે. ત્યારે તેના મોટાભાઈ સુભાનુ આદિએ પૂછ્યું કે તે શું દેખ્યું? સૂરસેને વજ્રમુષ્ટિ અને મંગી પતિ-પત્નિનો સકળ વૃતાંત કહ્યો તે સાંભળી સાતે ભાઈઓ સંસારથી વિરકત થઈ વરધર્મ મુનિની પાસે દીક્ષિત થઈ મુનિ થયા. કેટલાંક દિવસ પછી સાતે મુનિ ગુરુની સાથે ઉજ્જયની નગરીમાં આવ્યા. વજ્રમુષ્ટિએ તેઓને દેખ્યા અને તેમને નાનીવયે વૈરાગ્ય થવાનાં કારણભૂત પોતાની સ્ત્રીનો વૃતાંત સાંભળીને વજ્રમુષ્ટિ પણ સંસારથી વિરકત થઈને મુનિ થયો અને સૂરસેન આદિ સાતે ચોરની સ્ત્રીઓ પણ પોતાના પતિની સંસારથી વિરક્તિ જાણીને જિનદત્તા આર્યા પાસે દીક્ષિત થઈ આર્યા થઈ હતી તે પણ એક વખત ઉજ્જયની નગરીમાં આવેલ ત્યારે મંગી પણ તેમનો વૃતાંત જાણી સંસારને નિંદ્ય જાણી પોતાના ખોટા ચરિત્રની નિંદા કરી ગૃહત્યાગ કરી આર્યા થઈ. આ બધાય મહાતપ કરીને પ્રથમ સ્વર્ગમાં એક સાગરની આયુષ્યવાળા દેવ થયા. ધાતુકીખંડનાં ભરતક્ષેત્રમાં નિત્યાલોક નામના નગરમાં ચિત્રચૂલ રાજાની મનોહરી રાણીને સાત ભાઈઓમાંથી મોટોભાઈ સુભાનુનો જીવ પ્રથમ સ્વર્ગમાંથી આવીને ચિત્રાંગદ નામનો પુત્ર થયો અને છ ભાઈઓ પણ તે જ માતાપિતાને ત્યાં ત્રણ યુગલ પુત્ર થયા. આ રીતે સાતે ભાઈઓ અહીં પણ સાથે જ ભાઈઓપણે જનમ્યા. સાતે ભાઈ મહારૂપવાન સમસ્ત વિદ્યાના પારગામી મનુષ્યોના શિરોમણી થયા.

મેઘપુર નામના નગરનો રાજા ધનંજય હતો, તેને ધનશ્રી નામની રૂપવાન પુત્રી પૃથ્વી વિષે પ્રસિદ્ધ હતી. તેના લગ્ન માટે સ્વયંવરમાં સમસ્ત વિદ્યાધર કુમારો આવેલ. કન્યા

ધનશ્રીએ પોતાના મામાના પુત્ર હરિવાહનને વરમાળા પહેરાવી, તે જોઈને બધા રાજા ક્રોધે ભરાયા કે ધનશ્રીને હરિવાહનને વરમાળા નાખવી હતી તો અમને બધાને શા માટે બોલાવ્યા? આ કારણે ક્રોધથી કન્યા અર્થે તે રાજાઓ પરસ્પર લડી પડયા અને તેમાં અનેક સામંતોનો નાશ થયો. તે પ્રસંગ જોઈને રાજા ચિત્રચૂલના સાતે રાજકુમારો વિષયને પાપનું કારણ જાણી વિરક્ત થઈ ભૂતાનંદ નામના કેવળીની પાસે મુનિવ્રત ધારણ કર્યું અને સાતે ભાઈ આરાધના આરાધીને ચોથા સ્વર્ગમાં સાત સાગરના આયુષ્યધારી દેવ થયા. ત્યાં સ્વર્ગનું સુખ ભોગવી ત્યાંથી ચ્યવીને ચિત્રાંગદ નામનો મોટોભાઈ ભરત-ક્ષેત્રના હસ્તિનાપુરમાં શેઠ શ્રોતવાહનની સ્ત્રી બંધુમતિને શંખ નામનો પુત્ર થયો અને નાના છ ભાઈઓ તે જ નગરીના રાજા ગંગદેવની રાણી નંદિયશાને ત્રણ યુગલ પુત્રપણે જન્મ્યા.

રાણી નંદિયશાને ચોથા ગર્ભધારણમાં સાતમો પુત્ર આવ્યો તે આગામી જન્મ વિષે હોનહાર કૃષ્ણ છે, તે માતા નંદિયશાનો પૂર્વભવનો વિરોધી હતો તેથી તે ગર્ભમાં આવ્યો ત્યારથી રાણી રાજાને અભાવની થઈ ગઈ. તેથી પુત્ર જન્મતાં જ પુત્રને છોડી દીધો. તે પુત્રને રેવતી નામની ધાયે પાલન કર્યું અને જ્યારે તે મોટો થયો ત્યારે શ્રેષ્ટિ-પુત્ર શંખને અને આ નિર્નામિકને સ્નેહ વધ્યો કેમકે શંખ તે હોનહાર બલભદ્ર અને નિર્નામિક તે હોનહાર કૃષ્ણનારાયણ છે. એક દિવસ નિર્નામિક શંખની સાથે મનોહર નામના ઉદ્યાનમાં ગયો ત્યાં નિર્નામિકના છએ મોટાભાઈ ભોજન કરતા હતા તેને શંખે કહ્યું આ તમારો નાનો ભાઈ છે તેને કેમ બોલાવતા નથી? તેથી છ મોટાભાઈઓએ નિર્નામિકને બોલાવ્યો ને સાથે ભોજન કરતા હતા તે માતા નંદિયશા દેખી જતાં ક્રોધ કરી નિર્નામિકને લાત મારી ઉઠાડયો. તેથી નિર્નામિકને ઘણું દુઃખ થયું અને શંખ પણ ખેદખિન્ન થયો અને નિર્નામિકને લઈને શંખે દ્રુમષેન નામના અવધિજ્ઞાની મુનિની પાસે જઈને એકાંતમાં નિર્નામિકનો પૂર્વભવ પૂછયો.

મુનિરાજે નિર્નામિકના પૂર્વભવ વિષે કહ્યું કે ગિરીનગર નામના નગરનો રાજા ચિત્રસ્થ હતો તે કુબુદ્ધિઓના સંગમાં માંસાહારી થઈ ગયો. તેને અમૃતરસાયન નામનો રસોઈદાર હતો તે માંસ બનાવવાની વિધિમાં પ્રવીણ હતો તેથી રાજાએ પ્રસન્ન થઈને દસ ગામ ભેટ દીધા હતા. એક દિવસ રાજા સુધર્મ નામના મુનિ પાસે ધર્મ શ્રવણ કરી માંસનો દોષ જાણી પોતાની નિંદા કરી પોતાના મેઘરથ નામના પુત્રને રાજ્ય આપીને ત્રણસો રાજા સહિત મુનિ થયા. મેઘરથ શ્રાવકના વ્રતધારી હતો. તેણે રસોઈદારે મારા પિતાને અભક્ષ્યનું ભક્ષણ કરાવ્યું હોવાથી કોપ કરી આપેલ દસ ગામમાંથી નવ ગામ પાછા છીનવી લીધા. તેથી રસોઈદારે મુનિ ઉપર વેર બાંધ્યું કે મુનિએ મારી આજીવિકા હરી લીધી. તેથી તેણે બનાવટી પાકો શ્રાવક થઈને મુનિને કડવી તુંબીનો વિષમય આહાર

આપ્યો. તેથી મુનિ સમાધિમરણ કરી અપરાજિત વિમાનમાં બત્રીસ સાગરની સ્થિતિએ અહમીન્દ્ર થયા અને રસોઈદાર મરીને ત્રીજે નરક ગયો અને ત્યાં ત્રણ સાગર નરકના મહા દુ:ખ ભોગવીને નરકથી નીકળી તિર્યંચ ગતિરૂપ વન વિષે બહુ ભ્રમણ કરીને મલય નામના દેશમાં પલાસ ગામે યક્ષદત્ત નામના કણબીને ત્યાં યક્ષલિક નામનો પુત્ર થયો. તેના નાનાભાઈ સાથે એક દિન માલનું ગાડું ભરીને જતો હતો ત્યાં રસ્તામાં એક સર્પણી હતી. નાના ભાઈએ ઘણી ના પાડવા છતાં મોટાભાઈ યક્ષલિકે સર્પણી ઉપર ગાડું ચલાવ્યું તેથી સર્પણીની ફેણ તૂટી ગઈ અને મહાદુ:ખથી અકામ નિર્જરા કરીને મરી અને ત્યાંથી સ્વેતવિક નામની નગરીમાં વાસવ નામના રાજાની રાણી વસુંદરીને નંદિયશા નામની પુત્રી થઈ, તેને રાજા ગંગદેવે પરણી, કેટલાક દિન પછી યક્ષલિક નામનો કણબી મરીને રાણી નંદિયશાને નિર્નામિક નામનો પુત્ર થયો. તેથી પૂર્વ ભવના વિરોધથી નંદિયશા પુત્ર નિર્નામિક ઉપર દ્વેષ રાખે છે. આ કથા મુનિરાજ પાસે સાંભળી રાજા ગંગદેવ આદિ બધા સંસારથી વિરક્ત થઈ પોતાના દેવનંદિ નામના પુત્રને રાજ્ય આપી બસો રાજા સહિત મુનિ થયા અને તેના છએ પુત્રો અને નિર્નામિક તથા શ્રેષ્ટિ-પુત્ર શંખશેઠ પણ મુનિ થયા. રાણી નંદિયશા, રેવતીધાય અને બંધુમતિ શેઠાણી ત્રણે આર્યા થઈ.

નિર્નામિક મુનિએ ઉગ્રતપ કરી નારાયણપદનું નિદાન કર્યું અને તે બધા તપના પ્રભાવથી સમાધિમરણ કરી સ્વર્ગમાં ગયા. કેટલાક વખત પછી સ્વર્ગમાંથી ચ્યવીને રેવતીધાયનો જીવ ભદ્રલપુરમાં સુદૃષ્ટિ નામના શેઠની અલંકાનામની સ્ત્રી થઈ. રાણી નંદિયશાનો જીવ આ દેવકી થઈ અને ગંગ આદિ પૂર્વભવના છએ પુત્રો સ્વર્ગથી ચ્યવીને આ ભવમાં પણ દેવકીના ત્રણ યુગલ પુત્રો થશે અને તેઓ તદ્ભવ મોક્ષગામી ગુણના સમુદ્ર થશે, અને અલંકા નામની શેઠાણીને ત્રણ મૃતક યુગલ પુત્ર થશે. ઇન્દ્રની આજ્ઞાથી દેવ અલંકાને ત્યાં દેવકીના ત્રણ યુગલ પુત્રને લઈ જશે અને અલંકાના મૃતક ત્રણ યુગલ પુત્ર અહીં લાવશે, તારા પુત્રો ભદ્રલપુરમાં સુદૃષ્ટિશેઠને ઘેર અલંકા શેઠાણીને ત્યાં નવયૌવન થશે અને નેમિનાથ જિનેશ્વરના શિષ્ય થઈ તારે ઘેર ત્રણે યુગલ મુનિ ભીક્ષા માટે આવશે તને તેના ઉપર પુત્રનો સ્નેહ ઉત્પન્ન થશે, [ આ પ્રસંગનું સુંદર ચિત્ર સોનગઢ જિનમંદિરમાં છે. ] તે છએ મહામુનિ ઉગ્ર તપ કરી કર્મ નાશ કરી તે જ ભવમાં સિદ્ધિધામ પધારશે, તથા સાત ચોરભાઈઓમાંનો મોટો ભાઈ સુભાનુ-શ્રેષ્ટિપુત્ર શંખ રોહિણીનો પુત્ર બળભદ્ર થશે અને માંસભક્ષી, મુનિહિંસક રસોઈઓ-નિર્નામિકનો જીવ દેવકીનો સાતમો પુત્ર શ્રીકૃષ્ણ નારાયણ થશે.

આ પ્રકારે વસુદેવ પોતાના ત્રણ યુગલ પુત્રો, બળદેવ, વાસુદેવ અને દેવકીના પૂર્વભવનો સંબંધ આદિ અતિમુક્તક મુનિ પાસેથી સાંભળીને પરમ હર્ષ પામી મુનિરાજને વારંવાર વંદન નમસ્કાર સ્તુતિ કરી પોતાને ઘેર ગયા.

[ આશ્ચર્ય ! સપ્ત–વ્યસનના વ્યસની સાત ચોર ભાઈઓ સ્ત્રી-ચરિત્રનું નિમિત્ત પામતાં મુનિરાજના ધર્મોપદેશ વડે આત્મોન્નત્તિના માર્ગે પ્રયાણ કરે છે ! અહો ! જુઓ તો ખરા ! પૂર્વ ભવમાં નાગણીને ઈરાદાપૂર્વ ગાડા નીચે કચડી નાખનાર કણબી ( શ્રીકૃષ્ણનો જીવ ) મરીને તે જ નાગણીના જીવ–રાણીની કૂંખે પુત્ર થઈને જન્મ્યો ! ક્રોધથી જે જીવને માર્યો તે જ માતા બની ! અને તે જ કણબી પૂર્વભવમાં મુનિરાજને કડવી તુંબડી ખવરાવીને મુનિહિંસા કરતો માંસભક્ષી રસોઈઓ–શ્રીકૃષ્ણનો જીવ-ભવિષ્યમાં તીર્થંકર થશે ! પરમ પૂજ્ય ગુરુદેવશ્રી ફરમાવતા હતા તેમ ગઈ કાલનો મહાપાપી જીવ, અનંત શક્તિથી ભરેલા જ્ઞાયકસ્વભાવનો મહિમા લાવીને સ્વભાવ સન્મુખ દષ્ટિ કરતાં ભગવાન બની જાય છે. ] —શ્રી હરિવંશ પુરાણમાંથી

**વૈરાગ્ય સમાચાર:—**

* લાઠીનિવાસી વાડીલાલ કેશવજી ભાયાણી (વર્ષ–૬૩) તા. ૧૫–૯–૮૧ ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

* જામનગરનિવાસી રાજલબેન કચરાભાઈ ( શ્રી ભગવાનજીભાઈ મોમ્બાસાવાળાના બહેન ) ( વર્ષ–૮૭ ) તા. ૨૪–૧૧–૮૧ ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

* વઢવાણનિવાસી શારદાબેન ફૂલચંદ શાહ ( વર્ષ–૮૦ ) તા. ૨૫–૧૧–૮૧ ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

* ધ્રાંગધ્રાનિવાસી ( હાલ અમદાવાદ ) હિંમતભાઈ લક્ષ્મીચંદભાઈ શાહ ( વર્ષ–૫૨ ) તા. ૨૭–૧૧–૮૧ ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

* લાઠીનિવાસી ( હાલ સોનગઢ ) લલિતાબેન કાનજીભાઈ શાહ ( વર્ષ–૮૦ ) તા. ૧–૧૨–૮૧ ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે, તેઓએ વર્ષો સુધી સોનગઢમાં સ્થાયી થઈને ભક્તિભાવે ધર્મનો લાભ લીધો હતો.

* વઢવાણનિવાસી મોંઘીબેન જગજીવનભાઈ ( બ્ર. વૃજલાલભાઈના માતુશ્રી ) ( વર્ષ–૯૨ ) તા ૩–૧૨–૮૧ ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

* ભાવનગરનિવાસી જયંતીલાલ વાલજી શાહ ( વર્ષ–૭૯ ) તા. ૧૮–૧૨–૮૧ ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. તેઓ નિયમિત રીતે સોનગઢ આવીને પૂજ્ય ગુરુદેવશ્રીની વાણીનો લાભ લેતા, તત્ત્વ-જિજ્ઞાસુ હતા. પૂજ્ય ગુરુદેવશ્રી પ્રત્યે ઘણી ભક્તિ હતી.

* અમદાવાદનિવાસી સોમચંદભાઈ ભાઈચંદભાઈ શેઠ ( વર્ષ–૬૨ ) તા. ૬–૧૨–૮૧ ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. તેઓ વારંવાર સોનગઢ આવતા ને પૂજ્ય ગુરુદેવશ્રીની અમૃત-વાણીનો લાભ લેતા. તેઓ તત્ત્વરસિક હતા. સવારે જિનમંદિરે સ્વાધ્યાય કર્યા બાદ ઘરે જમીને બેઠાં ને ક્ષણમાં દેહ છૂટી ગયો હતો. દેહની આવી અત્યંત ક્ષણભંગુરતા આત્માર્થીને આત્મહિત માટે વિશેષ જાગૃતિનો બોધપાઠ આપે છે.

—સદ્‌ગત આત્માઓ વીતરાગ ધર્મના શરણમાં શીઘ્ર આત્મોન્નત્તિ પામો એ જ ભાવના.

# ✻ મંગલાચરણ ✻

[ શ્રી સમયસાર નાટક ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનમાંથી, તા. ૧૭-૧-૭૧ ]

પં. બનારસીદાસ વિરચિત આ સમયસાર નાટક છે. તેમાં પ્રથમ હિન્દી ટીકાકાર મંગલાચરણ કરતા કહે છે કે આ સમયસાર નાટકમાં શું છે?-કે નિજ સ્વરૂપમાં જે અતીન્દ્રિય આનંદનો શાંતરસ ભર્યો છે તે અપાર છે, તેને આ સમયસાર નાટકમાં પ્રસિદ્ધ કર્યો છે. શરીર, કર્મ ને ભાવકર્મ વિનાનો જે ચૈતન્યપ્રભુ આત્મા પરમ અતીન્દ્રિય આનંદમય છે તેને વંદન કરું છું ને 'વંદો'-અર્થાત્ બધા તેને વંદન કરો. સં. ૪૯ માં મહા સંત મુનિઓમાં ઉત્કૃષ્ટ ચંદ્રસમાન કુંદકુંદાચાર્ય થયા, તેમણે શ્રી સમયસારની રચના કરી, તેના પછી શ્રીમદ્ અમૃતચંદ્રાચાર્ય દેવ થયા, તેમણે શ્રી સમયસારની ટીકા કરતાં કળશોની રચના કરી. એ કળશોના પં. રાજમલજીએ અર્થ-ટીકા કરી ને તેના ઉપરથી આત્મામાં રસિક આત્મ-અનુભવી ગૃહસ્થ પં. શ્રી બનારસીદાસે આ સમયસાર નાટક બનાવ્યું છે. એવા આત્મરસી બનારસીદાસના ચરણકમળમાં વંદન કરું છું.-એમ હિન્દી ટીકાકાર બુદ્ધિલાલ શ્રાવકે મંગલાચરણ કર્યું. હવે ગ્રંથકાર પં. બનારસીદાસજી પોતે મંગલાચરણરૂપે શ્રી પાર્શ્વનાથપ્રભુની સ્તુતિ કરતાં કહે છે કે:

ત્રેવીસમાં તીર્થંકર ભગવાન પાર્શ્વનાથ મારા દેવ છે ને હું તેમનો સેવક છું. એ તો સિદ્ધ થઈ ગયા ને હું તો સાધક છું તેથી તેઓ જ્યારે તીર્થંકરપદે હતાં એ એ પદનું સ્મરણ કરીને સ્તુતિ કરું છું. ભગવાન પાર્શ્વનાથ સંસારમાં કર્મના ભ્રમરૂપ અંધકારને દૂર કરવા માટે સૂર્યસમાન છે. જેમના ચરણમાં સર્પનું ચિન્હ છે, જે મોક્ષમાર્ગને દેખાડનારા છે-સંસારની રીત સમજાવનારા કે સંસારની વિદ્યા કેમ ભણવી ને કેમ આગળ વધાય-એવું ભગવાને બતાવ્યું નથી. ભગવાન તો શિવના માર્ગને-મોક્ષના માર્ગને દેખાડનારા છે.

જેમના દર્શન કરવાથી ભવ્ય જીવોનાં નેત્રોમાંથી આનંદના આંસૂ વહે છે; વીતરાગરસમાં પૂરણ થઈને પરમાત્મપદ પ્રગટ થયું છે એવા અરિહંત પરમાત્મા દેખીને દેખનારા ભવ્યોને આનંદ આવે છે કે આહાહા! આવા પ્રભુ! પૂરણ શાંત રસનું ઢીમ શાંતરસ જેમના આત્મામાં પૂરણ થઈ ગયો છે અને તેવો શાંતરસ જાણે તેમના! શરીરમાં પણ ઝલકતો હોય એવા પરમાત્માને દેખવાથી ભવ્ય જીવોને હરખના આંસુ આવે છે.

ભગવાનને દેખવાથી આનંદના ઝરણા વહે છે, પણ કોને?-કે ભવિ જીવને હો! ભવિક પ્રાણીઓના હૃદય સરોવરમાં મર્યાદા વિનાનો આનંદ પ્રગટ થાય છે. પરમાત્મા સચ્ચિદાનંદ પ્રભુને જોતાં ભવિક જીવોને આનંદ આવે છે. જેમણે કામદેવને યુદ્ધમાં હરાવી દીધા છે. એટલે કે પોતાના આનંદના સરોવરમાં આવતાં જેમણે કામની વાસનાનો નાશ કર્યો છે. કામની વાસનાનો નાશ કરનારો જ આત્મા છે, કામની વાસના એ આત્મા નથી. પરમાત્મા પાર્શ્વનાથ ભગવાને પોતાના અનંદના ભગવાને પોતાના આનંદના સરો-

વરમાં પડીને કામદેવને જીતીને જેઓ ઉત્કૃષ્ટ જૈનધર્મના હિતકારી થયા એટલે કે પરમ વીતરાગધર્મનું સ્વરૂપ ભગવાને બતાવ્યું છે.


નિર્ભય એવા ભગવાનનું સ્મરણ કરતાં ભક્તોને ભય રહેતો નથી. આહાહા! આ તો ભગવાનની સ્તુતિ કરે છે. જેમનું શરીર પાણીથી ભરેલાં વાદળા જેવું નીલ રંગનું છે. પાર્શ્વનાથ ભગવાનનું શરીર નીલા રંગનું હતું. જેમનો મુગટ સાતફેણવાળો છે એટલે કે જ્યારે પાર્શ્વનાથ ભગવાન ધ્યાનમાં હતાં ને કેવળજ્ઞાન હજુ થયું ન હતું ત્યારે કમઠના જીવનું દેવનું વિમાન ઉપરથી નીકળ્યું. કુદરતનો એવો નિયમ છે કે આનંદના સાધક મહામુનિરાજ જ્યાં બેઠા હોય તેની ઉપર દેવનું વિમાન નિકળે તો અટકી જાય, આગળ ગતિ કરી શકે નહીં. ત્યારે કમઠના જીવે જોયું કે અરે! મારું વિમાન અટકાવનાર કોણ છે? નીચે ઉતરીને ક્રોધ કરે છે. આઠ ભવનું વેર હોવાથી પાર્શ્વમુનિ ઉપર ઉપસર્ગ કરે છે. સખત વરસાદ આદિ કરે છે. ત્યાં ધરણેન્દ્રનું આસન કંપાયમાન થાય છે અને ધરણેન્દ્ર તથા પદ્માવતીએ આવીને સાતફેણ બનાવીને ઉપસર્ગમાં રક્ષા કરી હતી–તે કારણે પાર્શ્વનાથ-ભગવાનની પ્રતિમાને સાતફેણનું ચિહ્ન પ્રચલિત છે. જેઓ કમઠના જીવને અસુર પર્યાયમાં હરાવનાર છે. એવા પાર્શ્વનાથ જિનરાજને બનારસીદાસજી નમસ્કાર કરે છે. આ સમયસાર નાટક બનાવ્યા પહેલાં હું બનારસીદાસ આવા પાર્શ્વનાથ ભગવાનને વંદન કરું છું–એમ પ્રથમ મંગલાચરણની સ્તુતિ કરી છે. મંગલ એટલે શું?–કે જેનાથી પવિત્રતા પ્રાપ્ત થાય તે ભાવને મંગલ કહેવામાં આવે છે, અથવા તો આનંદસ્વરૂપમાં આવીને પાપને ગાળે એવા ભાવને માંગલિક કહેવામાં આવે છે. આવા પાર્શ્વનાથ ભગવાનનું સ્મરણ કરતાં પવિત્રતા થાય છે માટે આ સમયસાર નાટક શરૂ કરતાં માંગલિક કર્યું છે. હવે બીજા શ્લોક દ્વારા માંગલિક કરે છે.

જેઓ સકલ દુષ્ટ કર્મોના નાશ કરનારા છે, એટલે કે પહેલાં કર્મો હતા અને તેને સ્વભાવના જ્ઞાન ને ધ્યાન વડે નાશ કર્યા છે. કમઠના ઉપસર્ગરૂપ પવનની સામે મેરુ સમાન છે એટલે કે ભગવાન સાધક દશામાં સાધના કરતા હતા ત્યારે જેમ પવન મેરુને ડગાવી શકે નહીં તેમ કર્મરૂપી પવન–ઉપસર્ગ તેઓને ડગાવી શક્યા નથી.

જેઓ નિર્વિકાર નિજપદમાં રમણ કરતા હતા એટલે કે આનંદસ્વરૂપી ભગવાનમાં રમણ કરતાં હતાં અને જેઓ સંસારી જીવોરૂપ કમળોને ખિલવા માટે સૂર્યના કિરણોથી કમળ ખીલી ઊઠે તેમ ભગવાનના દર્શન કરતાં ને દિવ્યધ્વનિ સાંભળતા ભવ્યજીવોનાં હૃદયકમળ ખિલી ઊઠે છે, આત્મકમળ ખિલી ઉઠે છે એવા શ્રી પાર્શ્વનાથ ભગવાનનો જય હો! જય હો!—એમ મંગલાચરણમાં ભગવાનની સ્તુતિ કરી છે.—વિશેષ કહેશે. (ક્રમશઃ)

---

❀ **ધન્ય–અવતાર!** ❀ આત્મધર્મના દરેક ગ્રાહકોને 'ધન્ય–અવતાર' ભેટ–પુસ્તિકા પોસ્ટ દ્વારા મોકલવામાં આવી રહી છે, માટે કોઈએ પણ ભેટ–કૂપન કે ટિકિટ મોકલવી નહિ.



# આગમ-મહાસાગરનાં અણમૂલાં રત્નો

(૧) જેમ કોઈ મૂર્ખ મનુષ્ય રાખને માટે અતિ મુલ્યવાન ચંદનને બાળી નાંખે તેમ અજ્ઞાની જીવ વિષયોના લોભથી મનુષ્યભવને નષ્ટ કરે છે.

જેમ કોઈ મૂર્ખ મનુષ્ય રત્નદ્વીપમાં જઈને પણ ત્યાંના રત્નોને છોડીને લાકડાનો ભાર લઈ આવે તેમ મનુષ્યભવરૂપી રત્નદ્વીપમાં આવીને પણ અજ્ઞાની જીવ ધર્મરત્નોને છોડીને ભોગોની અભિલાષા કરે છે.

જેમ નંદનવનમાં જઈને પણ કોઈ મૂર્ખ મનુષ્ય અમૃતને છોડીને વિષ પીવે, તેમ મનુષ્યભવરૂપી નંદનવનમાં આવીને પણ અજ્ઞાની જીવ ધર્મ–અમૃતને છોડીને ભોગની અભિલાષારૂપ ઝેર પીવે છે. (શ્રી શિવકોટી આચાર્ય, ભગવતી આરાધના, ગાથા. ૧૮૩૭–૩૮–૩૯)

(૨) દરેક વસ્તુના પરિણામ બાહ્ય કારણની અપેક્ષા વિના થાય છે.

(શ્રી જયધવલા પુસ્તક ૭. પૃષ્ઠ ૧૧૭)

(૩) જગતમાં કર્મ જ અતિશય બળવાન છે. તેનાથી બીજુ કોઈ પણ બળવાન નથી. જેમ હાથી કમલવનનો નાશ કરે છે, તેવી જ રીતે આ બળવાન કર્મ પણ બંધુ, વિદ્યા, ધન, શરીર, પરિવાર, સામર્થ્ય ઇત્યાદિનો નાશ કરે છે. [આ ગાથામાં આચાર્યદેવે બહારના સંયોગ-વિયોગના કાર્યો બધાં કર્મકૃત છે. જીવનો તેમાં બિલકુલ અધિકાર નથી તેમ સમજાવીને, સંયોગોનું અશરણપણું બતાવીને, આત્મસન્મુખ થવાનો બોધપાઠ આપેલ છે.]

(શ્રી મૂલારાધના ગાથા. ૧૬૨૧)

## ✻ આત્મધર્મના આજીવન સભ્યોની નામાવલી ✻

૧૫૭૩ શ્રી જૈન સંઘ લાખાબાવળ
૧૫૭૪ " " " ગાગવા
૧૫૭૫ " " " આરીખાણા
૧૫૭૬ " " " વડાણા
૧૫૭૭ " " " રાસંગપર
૧૫૭૮ " " " હ્રાંત
૧૫૭૯ " " " ખારાબેરાજા
૧૫૮૦ " " " ચાપાબેરાજા
૧૫૮૧ " " " રાવલસર
૧૫૮૨ " " " કનસુમરા
૧૫૮૩ " " " ખીરસરા
૧૫૮૪ " વીસા ઓસવાળ જૈન બોર્ડિંગ જામનગર
૧૫૮૫ " " " " જામનગર
૧૫૮૬ " " " કન્યા છાત્રાલય જામનગર
૧૫૮૭ " " " " "
૧૫૮૮ " લાલજી વીરજી શાહ જામનગર
૧૫૮૯ " ન્યાલચંદ લખધીર શાહ મુંબઈ
૧૫૯૦ " વીરપાળ કેશવજી શાહ જામનગર
૧૫૯૧ " છગનલાલ વીરપાળ નાગડા મુંબઈ
૧૫૯૨ " ચંદુલાલ વીરપાળ નાગડા મુંબઈ
૧૫૯૩ " રૂપચંદ મેપા શાહ "
૧૫૯૪ " જયંતિલાલ મગનલાલ ડભાસંગ
૧૫૯૫ " ખેતમશી કરમશી એન્ડ બ્રધર્સ જામનગર
૧૫૯૬ " હરજીવનદાસ એચ. બેલાણી મહેસાણા
૧૫૯૭ " પદમચંદ જૈન દિલ્હી
૧૫૯૮ " અશોક મહેતા મુંબઈ
૧૫૯૯ શ્રી રતનલાલજી ગંગવાલ નવી દિલ્હી
૧૬૦૦ " વેલજી દેવશી શાહ રાવલસર
૧૬૦૧ " સંગીતાબેન છગનલાલ શાહ કલકત્તા
૧૬૦૨ " પારૂબેન ખેડકટસ મુંબઈ
૧૬૦૩ " છોટાલાલ ભાઈચંદ શાહ મોટા ફતેપુર
૧૬૦૪ " કાંતિલાલ ચમનલાલ મહેતા પાલનપુર
૧૬૦૫ " દિનેશકુમાર રતીલાલ મજીઠીયા આણંદ
૧૬૦૬ " સુરેશકુમાર ચંપકલાલ વખારીયા નાગપુર
૧૬૦૭ " ફતેલાલ ત્રિકમચંદજી ઉદયપુર
૧૬૦૮ " ગોકુળચંદજી જૈન લવાળ
૧૬૦૯ " પી. વી. મહેતા મુંબઈ
૧૬૧૦ " મધુર મહેતા "
૧૬૧૧ " મનુભાઈ ત્રિભોવનદાસ ઝવેરી "
૧૬૧૨ " અમૃતલાલ પાનાચંદ શાહ રાજકોટ
૧૬૧૩ " ખીમચંદભાઈ ભીખાભાઈ શાહ સુરત
૧૬૧૪ " યોગેશચંદ ભોગીલાલ અંકલેશ્વર
૧૬૧૫ " વકીલ મનહરજી જૈન સાગર
૧૬૧૬ " જસવંતીબેન ગમનલાલ મુંબઈ
૧૬૧૭ " રતનલાલ જૈન અલવર
૧૬૧૮ " કમળાબેન શાંતિલાલ દોશી મુંબઈ
૧૬૧૯ " નિર્મળકુમાર સીંઘઈ સાગર
૧૬૨૦ " મહેતા ગોકુલ અમરચંદ વાંકાનેર
૧૬૨૧ " આશીષ કેશવલાલ દેસાઈ મુંબઈ
૧૬૨૨ " રવીન્દ્ર જયંતીલાલ "
૧૬૨૩ " અનંતરાય એન. શાહ કલકત્તા

આજીવન સભ્ય ફી રૂા. ૧૦૧/– [ક્રમશઃ]

તંત્રી : ડૉ. ચંદુભાઈ ટી. કામદાર ✻ પ્રત : ૩૦૦૦
પ્રકાશક : શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ, PIN : 364 250
મુદ્રક : અજિત મુદ્રણાલય, સોનગઢ [ વાર્ષિક લવાજમ રૂા. ૯=૦૦ ]